
# અધ્યાત્મ



વર્ષ : ૧૧ જૂન-૧૯૯૦ અંક : ૯

## * સદ્ભાવભરી ભેટ *

'અધ્યાત્મ'ની ઝોળીમાં પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી સહાયનો પ્રવાહ વહેતો રહે છે. આ સહાય મોકલનારાઓના હૃદયને કોણ પ્રેરણા કરતું રહે છે? એમાં જ પ્રભુની કૃપાનું દર્શન આપણને થાય-ખરું કે નહિ? છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:-

રૂા.

૨૫૧ શ્રી નીરૂબેન એમ. ત્રિવેદી, સુરત-શ્રી અમિત ડી. દવેને પગે ફ્રેક્ચર સારું થતાં તેમ જ શ્રી ગૌરાંગ દવેને હોમિયોપેથીના પ્રથમ વર્ષમાં સારા માર્ક્સ આવતાં.

૫૦ શ્રી રામદાન ના. મીસણ, મોરબી.

૨૧ પંડ્યા હિતેશ હરસુખરાય, રાજકોટ-પ્રથમ પગાર-માંથી.

૯૭ શ્રી ધીરજભાઈ મોઘરિયા, ધાંગધ્રા.

૧૦૧ છોટાઉદેપુરના એક સાધક તરફથી.

૨૮૦ (આસરે) શ્રી વી. જે. દવે, અગિયાર માસની ઈંગ્લેન્ડની સુખરૂપ યાત્રા બદલ.

૮૮૦ (આસરે)શ્રી પી. પ્રજાપતિ કેનેડા-પિતાજીની પુણ્યતિથિના સત્સંગમાં એકત્રિત થયેલ.

૨૫૧ ડો. ઘનશ્યામભાઈ તથા રંજનબેન દેસાઈ, ભાવનગર -ભાઈ રાજેશ તેમ જ પુત્ર ભાવેશના લગ્ન નિમિત્તે.

૧૦૧ શ્રી રાજેન્દ્રભાઈ અધ્વર્યુ, સુરત-ચિ. પ્રતીક તથા કીર્તનના યજ્ઞોપવિત પ્રસંગે.

( અનુસંધાન પૃષ્ઠ ૫૦ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ,દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| શ્રી શ્રી શારદામાના સાન્નિધ્યમાં | સરયૂબાલા | ૧૪ |
| શ્રી યોગેશ્વરજી અને અખબારો | નારાયણ હ. જાની | ૨૦ |
| સાચું સુખ | રતિલાલ ભાવસાર | ૨૭ |
| સોનાનો સૂરજ | ગોરધનભાઈ કલોલા | ૨૮ |
| ગુરુની આવશ્યકતા | પ્રા. ડૉ. કમલ પુંજાણી | ૩૨ |
| વચન પાળ્યું પ્રભુએ | ગુલાબબેન ભક્ત | ૪૫ |
| આશીર્વાદથી આરોગ્ય | શારદાબેન રતિલાલ શાહ | ૫૧ |
| કરું પ્રણામ | ગીતા શાહ | ૫૭ |
| આ મન મારું! | રણજિત પટેલ | ૬૧ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૧ જૂન–૧૯૯૦ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

વિ. સં. ૨૦૩૬ આસો સુદ ચોથ ને સોમવાર
તા. ૧૩/૧૦/૮૦, સ્થળ : 'અધ્યાત્મ', સરદારનગર, ભાવનગર.

આજે ખાસ કોઈ નોંધપાત્ર વાતો ન હતી, દરરોજ સવારે પૂ. શ્રી પોતાના ઓરડામાં માતાજીની સ્મૃતિમાં ૫૦ માળા કરે છે. વળી થોડું લેખન કાર્ય કરે છે.

ગઈકાલે રાતે દૂધ પીધા પછી ઘણા વખતે પૂ. શ્રીએ બેચેની અનુભવી. રાતે છેક ૧૦ વાગ્યે પૂ. શ્રીએ મને કહ્યું કે,

"તમારી બધી વાતો ઘણી સારી છે પણ આ રીતે મોડા સુવાનું મને યોગ્ય નથી લાગતું. દિવસનાં બધા જ કાર્યો સમયસર કરી નાખીએ તો રાતે સુતાં પહેલાં આપણે થોડું ધ્યાન, પ્રાર્થનામાં બેસી શકીએ વિ."

સવારે ૩ થી ૫ રામાયણનો પાઠ કર્યો. જેથી દિવસના સમયમાં થોડું બીજું લેખન થઇ શકશે એમ ધારેલું, પણ એ થયું નહીં.

સાડા અગિયાર સુધીમાં પૂ. શ્રીએ જપ ને લેખનની પ્રવૃત્તિ કરી. મેં મારો રામાયણનો પાઠ કર્યો. ૧૧/૩૦ કલાકે આજે મુંબઈથી શ્રી જે. વી. શાહ આવ્યા હતા.

તેઓના આવ્યાથી અમને ખૂબ આનંદ ને સંતોષ થયો. મેં કહ્યું, "જેમ ભગવાન ભક્તને યાદ કરે તેમ અમે તમને યાદ કરતાં હતાં. વિ. તેમની સાથે માતાજીની માંદગી, સ્મશાન યાત્રા વિ. ની બધી વાતો થઇ. માતાજીનો પ્રેમભાવ જોતાં તેઓ માતાજીને ન મળી શક્યાં તેનો તેઓને અફસોસ હતો."

આ વાતચીત દરમ્યાન શ્રી બકુભાઇ શેઠ પણ આવ્યા. થોડી જ વારમાં પૂ. શ્રી ભોજન માટે ઉભા થાય છે. બહાર ખુલ્લામાં ભોજન લેવા માટે બેઠા ત્યાં ભાઇશ્રી જે. વી.ને પણ પૂ. શ્રી સામે બેસવાનું કહે છે.

આજે પૂ. શ્રીએ પોતાની થાળીમાં તો પોતે પીરસ્યુ, સર્વેશ્વરીને પણ પીરસ્યું, પણ એક નાનકડી ડીશમાં જે. વી. માટે પણ થોડું ભોજન પીરસ્યું.

શ્રી જે. વી. ને પૂ. શ્રીએ ખૂબ પ્રેમથી તે ડીસ આપી. વળી તે પૂર્ણ થતાં વળી થોડી વાનગી પૂ. શ્રીએ તેમને આપી.

સર્વેશ્વરી જે. વી.ને કહે છે, "તમે ભાગ્યશાળી છો. પૂ. શ્રી તમને જમાડે છે. આ પહેલો જ પ્રસંગ હશે ખરૂં?"

જે. વી.:–ના મા, ઘણીવાર દૂધ પ્રસાદમાં મળતું પણ



આજે ભોજન પહેલીવાર પૂ. શ્રીના હાથે મળ્યું.

"હવે જ્યાં જમવાનું છે ત્યાં શું જમીશ? અહીં જ પૂર્ણ પ્રસાદ મળી ગયો છે."

ભોજનબાદ પણ પૂ. શ્રી અને જે. વી. વાતો કરતાં કરતાં ઉતારા પર આવે છે. ત્યારબાદ જે. વી.ને લેવા માટે શ્રી બકુભાઇની ગાડી આવે છે, જેથી દોઢ વાગ્યે જે. વી. વિદાય લે છે.

પૂ. શ્રી પત્રો જુએ છે. જેને જવાબ આપવાના છે તેની સૂચનાઓ આપી બે વાગ્યે પૂ. શ્રી આરામ કરે છે.

પાંચ વાગ્યા પછી પૂ. શ્રી સ્નાન કરી લે છે. સખત ગરમી છે. વીજળી બંધ છે. દરરોજ પૂ. શ્રી ૮ વાગ્યા પછી સાંજે સ્નાન કરે છે. આજે જલ્દી સ્નાન કરી લીધું. પોણા છ વાગ્યે પૂ. શ્રી બહાર આવીને આંટા મારે છે.

પોણા છ થયા છે 'અધ્યાત્મ'ના સંપાદક મંડળના એક સભ્ય શ્રી દૂધરેજીયા પૂ. શ્રીને મળવા માંગે છે. પણ પૂ. શ્રીએ છ વાગ્યે જ મળાશે એવી સૂચના મોકલી છે.

બરાબર સાંજે છ વાગ્યે શ્રી જે. વી. શાહ, નવિનચંદ્ર પારેખ, નાનુભાઇ દૂધરેજીયા, નારાયણભાઇ પૂ. શ્રીના દર્શને આવી પહોંચે છે.

પૂ. શ્રી બહારના વરંડાના પલંગ ઉપર બેઠા છે. પૂ. શ્રી વાતો શરૂ કરે છે.

સ્મશાનયાત્રાના દિવસે થયેલા એક બેનના અનુભવની વાતો શરૂ થાય છે.

પૂ. શ્રી:-"તુલસીદાસ ચંદન દાસે, તિલક કરે રઘુવીર" ત્યાં તો મેળો હતો છતાં "પ્રભુ જેને જ્યારે ધારે ત્યારે તેને જ અનુભવ આપી શકે છે."

શ્રી નારાયણભાઇ:-એવા દિવ્ય અનુભવથી સાધકમાં શો ફેર પડે?

પૂ. શ્રી:-"ઘણો ફેર પડે. શ્રદ્ધા વધે, ભક્તિ વધે, જેનો અનુભવ થયો હોય તેને જોવાની નવી દૃષ્ટિ મળે, તેના પ્રત્યે પૂજ્યભાવ વધે." બીજી વાતો થઇ, પણ તે દરમ્યાન સર્વેશ્વરી અમદાવાદ બાબુભાઇને અગત્યના પત્રો લખવામાં રોક્યાં હોઇ, એ ચર્ચા તરફ બે ધ્યાન રહે છે.

સાડા છ વાગ્યે દરરોજની જેમ ગીતાપાઠ, સ્તુતિ, ભજનો 'મોરી લાગી લગન ગુરુ ચરણન કી', ને 'ભજો રે ભૈયા' ગવડાવી ધૂન બોલાવી કાર્યક્રમ પૂરો થાય છે.

વળી માતાજીને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ શરૂ થાય છે જેમાં પૂ. શ્રી જે. વી. શાહનો ખૂબ પ્રેમથી પરિચય આપે છે. તેમને તથા રાજકોટના દિનકરભાઇ જોશીને અંજલિ આપવા સૂચનો કરે છે.

બંન્ને ભાઇઓ પોતાની રીતે અંજલિ આપે છે. ત્યારબાદ શ્રી નારાયણભાઇ માતાજીના જૂનાં સ્મરણો રજૂ કરે છે. એમાં ઘણું ઘણું જાણવાનું મળે છે.

છેલ્લે પૂ. શ્રી પોતે થોડું બોલે છે જેમા જાણે સર્વેશ્વરીને જ અંજલિ અપાતી હોય એવું પ્રાધાન્ય પૂ. શ્રી પોતાની વાતોમાં આપે છે.



સત્સંગ પૂર્ણ થતાં બટાકાનું શાક સાંજના અલ્પાહારમાં લઇ થોડું દૂધ પૂ. શ્રી લે છે.

થોડી વાતો જે. વી. શાહ સાથે કરી તેમને વિદાય આપે છે.

પૂ. શ્રી આરામ માટે પોતાની રૂમમાં આવે ત્યારે રાત્રે ૯/૪૫ થઇ છે.

સર્વેશ્વરી પોતાની ડાયરી લખીને દશને દશે આરામ કરે છે.

**વિ. સં. ૨૦૩૬ આસો સુદ પાંચમ ને મંગળવાર**
**તા. ૧૪/૧૦/૮૦ સ્થળ : 'અધ્યાત્મ', સરદારનગર, ભાવનગર.**

આજના સુપ્રભાતે ૩ થી ૪ પૂ. શ્રી આંટા મારતા મારતા એમની પ્રિય માળાને ફેરવતા મંત્રજપ કરે છે. સર્વેશ્વરી લાઇટના ઝાંખા પ્રકાશે રામાયણનો પાઠ કરે છે. થોડો આરામ કરી પૂ. શ્રી પોતાના પ્રિય વ્યાયામના નિત્યક્રમમાંથી પરવારે છે.

આજે નવ વાગ્યે સરસ્વતીબેન દરરોજની જેમ ગરમ મસાલાયુક્ત દૂધ લઇને આવી પહોંચે છે. તે પહેલાં થોડી ક્ષણો અગાઉ જ નલિનીબેનને પૂ. શ્રીનાં કપડાં ધોવા આપી દેવામાં આવે છે. વળી શ્રી નારાયણભાઇ પોતે ફૂલો લઇને આવે છે. માતાજીના સ્વર્ગવાસ પછી પૂ. શ્રી સવારે વાતો કરતા નથી અને રૂમની બહાર પણ આવતા નથી.

શ્રી નારાયણભાઇ સર્વેશ્વરીને પણ ફૂલ આપી વંદન કરે છે. અને પૂ. શ્રી માટે સર્વેશ્વરીને ફૂલો આપે છે. ગળામાંથી

આજે મોટી રુદ્રાક્ષની માળા કાઢીને બતાવતા નારાયણભાઇ કહે છે કે માતાજી મારે માટે પશુપતિનાથથી આ લાવ્યાં હતાં. બીજી પણ થોડી વાતો માતાજી વિષે થઈ.

લગભગ પોણાદસથી દસ ને પાંચ સુધીમાં રામાયણપાઠનો આજનો બીજો પાઠ પૂર્ણ થાય છે.

પૂ. શ્રી પોતાના મંત્રજપ બાદ થોડું લેખનકાર્ય કરે છે, જેમાં ગઈકાલનું માતાજીને અંજલિનું લખાણ આજે પૂરું કરે છે.

બરાબર સાડા અગિયારે પૂ. શ્રી બહાર આંટા મારે છે. શ્રી નારાયણભાઇ શહેરમાં થોડું કામ હોવાથી રજા લઇ જાય છે. તેમને પૂ. શ્રી ત્રણ કાર્યોની નોંધ કરાવે છે.

સર્વમંગલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે માતાજી હવે વિદાય લે છે. તો તેમના મૃત્યુનું સર્ટીફીકેટ ભાવનગર નગરપાલિકામાંથી લાવવવાનું કામ, બીજું અહીંના વૃદ્ધાશ્રમમાં ભોજન આપવાની વ્યવસ્થાનું, અને ત્રીજું સંસ્કૃત વિદ્યાભવનને દાન આપવાનું કામ શ્રી નારાયણભાઇને સોંપાય છે.

પૂ. શ્રીની સાથે વૃદ્ધાશ્રમમાં ભોજન આપવા અંગેની વાત ચાલી છે.

સર્વેશ્વરી:-મહાત્માજી હોસ્પિટલમાં દરેક દર્દીઓને એક દિવસ ફળો આપીએ તો?

પૂ. શ્રી:-જુઓ હોસ્પિટલમાં કોને આપશો? ઘણા દર્દીઓ સદ્ધરસ્થિતિના હોય છે ને દર્દીને ખવડાવીને શું કરવું છે? વિગેરે.



દરરોજની જેમ આજે ૧૧-૪૦ મિનિટે શ્રી બકુભાઈની ગાડી દૂરથી દેખાય છે. દરવાજામાં શ્રી બકુભાઇ સાથે ડો. સ્વામી પ્રભાનંદગિરિ પણ આવી રહ્યા છે.

ડો. સ્વામી માટે પૂ. શ્રીના પલંગ પાસે એક ખુરશી સર્વેશ્વરી મૂકે છે.

ડો. સ્વામી માટે પૂ. શ્રીના પલંગ પાસે એક ખુરશી સર્વેશ્વરી મૂકે છે.

ડો. સ્વામી પૂ. શ્રી સાથે અંગ્રેજીમાં વાતો કરે છે. ડો. સ્વામી દક્ષિણભારતમાં જવાના છે. તો દક્ષિણના તીર્થોની વાતો થાય છે.

દક્ષિણમાં દરેક ગામોમાં ચર્ચ હોય છે એની ચિંતા પૂ. શ્રી વ્યક્ત કરે છે. વળી સ્વામી શિવાનંદના શિષ્ય સ્વામી આત્માનંદની વાતો પણ થાય છે.

ભોજનનો સમય થતાં પૂ. શ્રી ૧૨ ને ૧૦ મિનિટે ઊભા થાય છે. સ્વામીજી વિદાય લે છે.

આજે ચાલુ ભોજને પૂ. શ્રી લંડનના ભગવાન સોહમ્‌ની ને આત્માનંદજીની વાતો કરે છે.

ભોજનબાદ પૂ. શ્રી તરત જ ઉતારાની બહારની ઓસરીમાં આવીને બેઠા છે. નડિયાદથી આવેલા પત્રનું વાંચન કરી, નારાયણભાઇના નાના પુત્ર અજય પાસે પૂ. શ્રી પત્ર લખાવે છે.

પછી આરામ કરે છે. લગભગ અઢી વાગ્યે પૂ. શ્રીના રૂમમાં સર્વેશ્વરી જાય છે. ત્યારે પૂ. શ્રી પોતે હાથના વેઢા

ઉપર માળાની ગણત્રી કરી રહ્યા છે.

સર્વેશ્વરી:-મહાત્માજી, તમે અત્યાર સુધી શું કર્યું? (આ પ્રશ્ન સ્વાભાવિક રીતે પૂછાયો કારણ સર્વેશ્વરી જાણવા માંગે છે કે પૂ. શ્રીએ પૂર્ણ આરામ કર્યો કે નહીં.)

પૂ. શ્રી:-થોડીવાર માળા કરી. વળી માતાજીની સ્મૃતિ પણ થઈ. બિચારાં જુઓને? કશું જ ખાઇ કે પી પણ નોતાં શકતાં. આપણે બીજીવાર તેમના નાકમાં ફીડીંગની ટ્યુબ નાંખી ત્યારે તેઓએ કેટલી વેદના અનુભવેલી!

આટલી વાતો કરતાં કરતાં પૂ. શ્રીની આંખમાં આંસુ આવી ગયાં. ખૂબ લાગણીશીલ બની ગયા.

સર્વેશ્વરી કહે છે, "આપણે તો પ્રેમપૂર્વક સેવા કરી શક્યાં એ જ આપણા માટે મોટામાં મોટી સંતોષની વાત છે."

પછી બીજી વાતોમાં પૂ. શ્રીને દોરવવાની પ્રવૃત્તિ સર્વેશ્વરી કરે છે, જેથી આ મહાપુરુષ થોડા હળવા બની જાય છે.

પાંચ સુધી આરામ ને સ્નાન કરી પૂ. શ્રી થોડો હળવો ફળાહાર પપૈયું અને થોડી કાજુપૂરી લે છે.

સ્નાન કર્યાબાદ પણ માતાજીથી પાણી નોતું પી શકાતું તે યાદ કરે છે. વળી માતાજીના થોડા પ્રસંગો પણ સર્વેશ્વરીને કહે છે.

સાંજે ૬-૦૦ વાગ્યે શ્રી નારાયણભાઇ અને શ્રી સરસ્વતીબેન આવે છે. તેમની સાથે વૃદ્ધાશ્રમમાં ભોજન આપવા અંગેની અને વળી અસ્થિવિસર્જનની વાતો થાય છે.



પૂ. શ્રીનો વિચાર તા. ૧ લીથી હરિદ્વાર તરફ જવાનો છે જેથી ગંગા, યમુના, પુષ્કરમાં માતાજીનાં અસ્થિ વિસર્જન થઇ શકે. શ્રી નારાયણભાઇને જોડાવવું હોય તો જોડાય એવું પૂ. શ્રી સૂચન કરે છે.

બરાબર સાડા છ વાગ્યે ગીતાપાઠ-સ્તુતિ ભજન થાય છે. આજે હોસ્પિટલમાંથી ડો. જાની આવ્યા છે. તેઓ પોતાની રીતે શ્રદ્ધાંજલિ આપે છે.

પછી સર્વેશ્વરી પોતે માતાજીના મુખે સાંભળેલા ત્રણેક પ્રસંગો કહે છે.

પૂ. શ્રી પોતે માતાજીના નિયમોમાં કેવા સહાયક થતા તેની વાતો કરે છે. ખૂબ કષ્ટપ્રદ કાળ માતાજીએ હિમાલયમાં વીતાવ્યો. તે વાતો કરી. સર્વેશ્વરીના કડક નિયમ માટે તેમને કેવો આદર છે. તેની પણ વાતો કરે છે.

સત્સંગ બાદ પૂ. શ્રી અલ્પાહારમાં આજે કેળું ને દૂધ જ લે છે.

ત્યારબાદ મેદાનમાં નારાયણભાઇ સાથે દશેક આંટા માર્યાં, સાથે થોડી કામની વાતો થઇ.

ભજનો ને તેની નોંધની પુસ્તિકાની સૂચના આપી.

પૂ. શ્રી બારણું બંધ કરવા બારણામાં જ ઊભા છે ને શ્રી નારાયણભાઇને કહે છે કે ગઇ રાતે તો અમે ૩ થી ૪ અહીં બહાર ઓસરીમાં આંટા મારતા જપ કર્યાં. માએ રામાયણનો પાઠ કર્યો.

આ વાત સર્વેશ્વરી સાંભળતાં હતાં જેથી તે કહે છે.

સવારે ૩-૦૦ વાગ્યે પૂ. શ્રી શૌચ જાય છે. બે દિવસથી ૩-૦૦ વાગ્યે જ જાય ત્યારે મને કહીને જાય છે જેથી હું ઉઠીને લોબીમાં બેસું છું. મહાત્માજી આવી જાય એટલે બારણાં બંધ કરું છું.

પૂ. શ્રી:-હા. સંડાસની બાજુમાં ઉપરનો જે દાદર છે, તે ખુલ્લો જ છે. અગાશીમાંથી કોઈપણ વ્યક્તિ સહેલાઈથી અંદર આવી શકે. તેથી હું એમને કહીને જ જાઉં છું.

"એમ હું મહાત્મા તો ખરો, પણ સાવચેતી ઘણી રાખું છું." વિ. આ મકાનના મુખ્ય બારણા વિષે સર્વેશ્વરી નારાયણભાઈને વાત કરે છે. એટલે પૂ. શ્રી કહે, "હા, શહેરમાં સાવચેતીની જરૂર ખરી. એટલે મને આ મકાનના મુખ્ય બારણાનો વિચાર આવે છે કે એને બરાબર રીતે બંધ થાય એવું કંઈક કરવું જોઈએ." વિ. વાતો થાય છે.

વડોદરામાં વિશ્વવંદ્ય ઉદ્યાનમાં પૂ. શ્રી દરવર્ષે ઉતરે તેમ બે વરસ ઉપર ઉતરેલા. ત્યાં ચોરનો પ્રસંગ બનેલો તેની વાત કરે છે.

અંતે નારાયણભાઈનો નાનો પુત્ર અજય સ્ફટરને મારવાનું મજબૂત તાળુ લાવે છે. વળી પાણી ટાંકીમાં પૂરું થઈ જતાં ડોલ ભરીને મંગાવવામાં આવે છે. ને પેલું મજબુત તાળુ લગાવવામાં આવે છે.

પૂ. શ્રીને એ તાળું લગાવ્યા પછી શાંતિ થઈ જાય છે. સર્વેશ્વરીને કહે છે, "જુઓ ચેતતા નર સદા સુખી" અમે મસુરીમાં પણ બારણાં સરખાં કરાવ્યાં હતાં. એક બારણે તો દરરોજ રાતે તાળુ જ મારી દેતાં.



આ આખાય પ્રસંગ પાછળ ચોરનો ભય કે ડર નહીં પણ સાવચેતી ને ચેતીને ચાલવાની પૂ.શ્રીની નીતિ જોવા મળે છે. નાની નાની બાબતોમાં પણ પૂ. શ્રી કેવી કાળજી ને સાવચેતી રાખે છે તેનો ખ્યાલ આવે છે.

"આપ અમદાવાદ ક્યારે આવો છો" એવો બાબુભાઈનો પત્ર હતો. અમે એનો ગઈકાલે જ પ્રત્યુત્તર આપ્યો હતો. છતાં શ્રી નારાયણભાઈએ ફરી એક પત્ર લખી દીધો હતો.

લગભગ દશની આસપાસ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી આ નોંધ પૂર્ણ કરી અગિયાર વાગ્યે આરામ કરે છે.

ૐ નમઃ ભગવતે યોગેશ્વરાય.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
**મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.**

# શ્રી શ્રી શારદામાના સાન્નિધ્યમાં

સરયૂબાલા

ઓક્ટોબર -૧૯૧૨.

એક પ્રસંગે શારદામાની ભત્રીજી નલિની ગુસ્સે થઇ ગઇ. તેને ઠપકો આપતાં પૂ. માએ કહ્યું "સ્ત્રીઓએ નજીવી બાબતો અંગે જલ્દી જલ્દી ગુસ્સે ના થઇ જવું. તેમણે સહનશીલતા રાખતાં શીખવું જોઇએ. બાળપણ અને મુગ્ધાવસ્થામાં તેમનાં માતા-પિતા તેમનાં રક્ષક હોય છે, અને યુવાનીમાં તેમના પતિઓ. સામાન્ય રીતે સ્ત્રીઓ વધુ લાગણી-શીલ હોય છે; અને એક શબ્દ માત્રથી સંક્ષુબ્ધ થઇ જતી હોય છે. આજના સમયમાં આવા કઠોર સંક્ષુબ્ધ કરના શબ્દો ખૂબ સામાન્ય થઇ ગયા છે ત્યારે તેઓએ ધીરજ અને સહનશીલતા ધારણ કરી પોતાના માતપિતા કે પતિદેવો સાથે, મુશ્કેલીઓ વચ્ચે પણ, શાન્તિથી રહેતાં શીખવું જોઇએ."

બીજા એક પ્રસંગે રાધુ પોતાની સાડી ઘૂંટણોની ઉપર ખેંચીને શારદામાની પાસે બેઠી હતી. તેઓએ તેને ઠપકો આપ્યો ને ઉમેર્યું, "મારી દીકરી, સ્ત્રીએ શા માટે પોતાની સાડી ઘૂંટણોની ઉપર ખેંચી લેવી જોઇએ?" પછી એક શ્લોક ટાંકતાં કહ્યું, "વસ્ત્રો જ્યારે ઘૂંટણોની ઉપર ખેંચી લેવામાં આવે ત્યારે સ્ત્રી લગભગ નગ્ન જેવી જ લેખાય." બાજુના ઓરડામાં તે વખતે કેટલાંક સ્ત્રી ભક્તો બેઠેલાં હતાં. તેઓમાંનાં બે જણાએ સાધ્વીનાં ભગવાં વસ્ત્રો પહેરેલાં હતાં. તેઓમાંનાં એકે પૂ. માને પૂછ્યું, "મૂર્તિપૂજામાં કંઇ સત્ય ખરૂં? અમારા ગુરુ તે સ્વીકારતા કે માનતા નથી. તેઓ લોકોને સૂર્ય અને અગ્નિને પૂજવા કહે છે."



પૂ. મા:-"તમારે તમારા પોતાનાં ગુરુના શબ્દોમાં સંદેહ ના કરવો જોઇએ. જ્યારે તમે તમારા ગુરુનો અભિપ્રાય સાંભળ્યો છે ત્યારે તમે તે વિષે મને શું કામ પૂછો છો?"

સાધ્વી:-અમે આપનો તે વિષેનો અભિપ્રાય જાણવા માંગીએ છીએ.

શરૂમાં પૂ. માએ પોતાનો કોઈ અભિપ્રાય જણાવવા સ્પષ્ટ ના પાડી, પરંતુ સાધ્વીઓએ તે જણાવવા ખૂબ આગ્રહ કર્યો. આથી આખરે પૂ. માએ કહ્યું:-

"જો તમારા ગુરુદેવ ખરેખર સાક્ષાત્કારી પુરુષ હોય (આવી ટીપ્પણિ કરવા માટે મને ક્ષમા કરજો) તો તેઓએ આવું વિધાન ના કરવું જોઇએ. અનાદિ કાળથી અગણિત અનેક સ્ત્રી-પુરુષોએ મૂર્તિની પૂજા કરી, તે દ્વારા આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ પણ કરી છે. આ સત્યની તમે અવગણના શી રીતે કરી શકવાના? શ્રી રામકૃષ્ણદેવ કદી સંકુચિત અભિપ્રાયો ધરાવતા નહિ, બ્રહ્મ સર્વવ્યાપક છે. આ સત્યને ભૂલી જનાર માનવજાતને પથ પ્રદર્શન કરવા માટે સંત મહાત્માઓ અને ઈશ્વરના અવતારો સમયે સમયે પૃથ્વી પર જન્મ લેતા રહે છે. તેઓ ભિન્ન ભિન્ન રૂચિઓને અનુકૂળ આવે એવો, જુદો જુદો ઉપદેશ આપતા હોય છે; કારણ કે સત્યનો સાક્ષાત્કાર કરવાના અનેક માર્ગો છે. એથી આ ભિન્ન ભિન્ન ઉપદેશોનું તેના પરિક્ષેપમાં યોગ્ય મૂલ્ય છે. દાખલા તરીકે એક ઝાડની ડાળ ઉપર ઘણાં પક્ષીઓ બેઠેલાં છે. દરેકના

રંગ જુદા જુદા છે. કોઇ સફેદ છે તો કોઈ કાળાં, કોઇ લાલ તો કોઇ પીળાં. વળી તે સહુના અવાજો પણ જુદા જુદા છે. પરંતુ જ્યારે તેઓ અવાજ કરતાં હોય છે ત્યારે આપણે કોઈ એકપક્ષીના નહિ, પરંતુ પક્ષીઓ અવાજ કરે છે એમ કહીએ છીએ. આપણે કોઇ એકને અલગ તારવી બીજાઓની અવગણના કરતા નથી."

મુલાકાતીઓ વિદાય થયા ત્યારે પૂ. માએ કહ્યું, "આ રીતે વિવાદ કે ચર્ચા કરવી તે એક સ્ત્રી માટે શોભારૂપ નથી. જ્ઞાની પુરુષો પણ તર્કથી ભાગ્યે જ બ્રહ્મ વિષે જાણી શકતા હોય છે. શું બ્રહ્મ એ કોઇ ચર્ચા દ્વારા પ્રાપ્ત કરવાની વસ્તુ છે?"

પછી કેટલાક અંગત પ્રશ્નોના પ્રત્યુત્તરમાં શ્રી સરયૂબાલાને જણાવ્યું. "તું મારા અને શ્રી ઠાકુર વચ્ચે કોઇ ભેદ ના કરતી. તારા ઇષ્ટનું ધ્યાન કર અને તેને પ્રાર્થના કર. ધ્યાનનો પ્રારંભ હૃદયથી થાય છે, જ્યારે સમાપ્તિ મસ્તિકમાં. પ્રેમ કે ભક્તિ સિવાય, મંત્ર કે શાસ્ત્રો ઈશ્વર પ્રાપ્તિમાં કશા જ ખપમાં આવતાં નથી.

જ્યારે પ્રેમ અને ભક્તિ વડે, સર્વ કાંઇ સિદ્ધ થઇ શકે છે. શ્રી ઠાકુર એ જ ગુરુ છે ને એ જ ઇષ્ટ. તેઓ જ સર્વસર્વા છે. અગર સર્વ કાંઇ છે.

એક સાંજે જ્યારે શિષ્યો ઉદ્બોધન ઓફિસ ગયા ત્યારે પૂ. શારદામાએ સરયૂબાલાને તેઓની નાની ચટાઇ પાથરવા અને જપ માટેની માળા લાવવા માયાળુ સ્વરમાં કહ્યું. ચટાઇ ઉપર બેસતાં જ તેઓ ધ્યાનમગ્ન બની ગયાં.

ગલીના સામે છેડે આવેલ ખુલ્લી જગામાં કેટલાક મજૂરો ઝૂંપડાં બાંધી તેઓના કુટુમ્બ સાથે રહેતા હતા. એક મજદૂર તેની પત્નીને સખ્ત રીતે મારી રહ્યો હતો. તે સ્ત્રીના હાથમાં બાળક તેડેલું હતું છતાં તેના પતિએ તેને એવી તો લાત મારી કે બાળક સાથે તે દૂર જઈને પડી. તે ફરીને ત્યાં જઈને તેને મારવા લાગ્યો. આને લીધે શારદામાના ધ્યાનમાં વિક્ષેપ પડ્યો. તેઓ સ્ત્રીની મારઝૂડ સહન કરી શક્યાં નહિ. શ્રી શારદામાનો સ્વભાવ આમ તો અતિ સંકોચશીલ હતો. તેઓ કદી એટલા ઊંચા સાદે બોલતાં નહિ કે જેથી માળ ઉપરનો તેઓનો અવાજ નીચે ભોંયતળિયે પણ સંભળાય. પરંતુ તેઓ આજે બીજા માળની ગેલેરીમાં પહોંચી ગયાં ને તેની જાળી આગળ ઊભાં રહીને ઠપકો આપતા ખૂબ ઊંચા સ્વરે બોલ્યાં, "એ ગધેડા, તારે શું તારી પત્નીને મારી જ નાંખવી છે કે? મને તો ભય છે કે તે મરી જ ગઇ હશે." આ શબ્દો સાંભળી તેણે પૂ. મા સામે જરા જોયું ન જોયું ત્યાં તો મદારીને જોઇને સાપ જેમ સ્થિર થઇ જાય, તેમ તે સ્તબ્ધ ને શાંત થઇ ગયો ને ત્યાંથી તે સ્ત્રીને એકલી છોડીને ચાલ્યો ગયો.

પૂ. શારદામાની આ પ્રકારની સહાનુભૂતિએ તે સ્ત્રીને વિચલિત કરી દીધી. હવે તે મોટેથી ડૂસકાં ભરી રડવા લાગી. તેના પતિએ તેને મારવા પાછળનું કારણ એટલું જ હતું કે તે દિવસે તે સમયસર રાંધી શકી ન હતી. થોડીવાર પછી તેનો પતિ તે સ્ત્રી સાથે સુલેહ કરવા માંગતો હતો. પૂ. માએ આ જોયું ને તેઓ પોતાના ઓરડામાં પાછાં ફર્યાં. સરયૂ જ્યારે પોતાના ઘરે જવા નીકળી ત્યારે પૂ. માએ તેને એકબાજુએ બોલાવીને કહ્યું, "જો પતિ પત્ની બંનેમાં આધ્યાત્મિક સાધાના અંગેના વિચારો ને મંતવ્યોમાં સુમેળ હોય તો પ્રગતિ સરળતાથી થાય છે."

આ પ્રસંગ નવેમ્બર ૧૯૧૩ નો છે. એક ભક્ત પોતાના બગીચામાંથી ઉતારેલાં ઘણાં સરસ ફૂલો લઈને ઉદ્‌બોધન ઓફિસે આવી પહોંચે છે. આ જોઈને પૂ. શારદામા પ્રસન્નતા અનુભવે છે, કારણ કે તેઓ પોતાની સવારની પૂજાનો પ્રારંભ કરવાની તૈયારીમાં છે. સરયૂબાળા આ ફૂલોને ચોખ્ખાં કરીને એક તાસકમાં મૂકે છે અને શ્રી શારદામા શ્રી રામકૃષ્ણદેવના ફોટા સામે આસન ઉપર પૂજા માટે બેસે છે. પરંતુ આ ફૂલોમાંથી પૂ. શારદામાના ચરણોમાં આ ભક્ત સારૂ વંદન કરવા માટે થોડાં ફૂલો જૂદાં રાખવાનું ભૂલી જાય છે. પૂ. માને ભક્તની આ ભાવનાનો ખ્યાલ આવી જાય છે. તેથી તેઓ થોડાં ફૂલો થાળીમાં અલગ મૂકી દે છે. પોતાની પૂજા પૂરી થતાં તેઓ પેલા શિષ્યને પાસે બોલાવી કહે છે, "બેટા, જો. મેં થોડાં ફૂલો થાળીમાં જૂદાં રાખ્યાં છે તે અહીં લાવ."

બરોબર એ જ સમયે એક ભક્ત ઘણાં બધાં ફળો લઈને પૂ. માના દર્શને આવી ચઢે છે. એને જોઈને પૂ. મા ખૂબ રાજી થાય છે. પૂ. મા તેના કપાળમાં ચંદનથી ચાંદલો કરે છે, પછી તેના ચીબૂકને સ્પર્શ કરી તેને લાડ કરે છે. સરયૂબાલાએ પૂ. શારદા માને કોઈ પુરુષ ભક્ત પ્રત્યે આવો પ્રેમભાવ વ્યક્ત કરતાં અગાઉ કદી જોયાં ન હતાં.

તે પછી પૂ. મા સરયૂને થોડાં ફૂલો તે ભક્તને આપવાનું કહે છે. એ પુષ્પો ગ્રહણ કરતાં જ એના આખા શરીરે ભક્તિભાવનો રોમાંચ થઈ આવ્યો. તેણે ખૂબ રાજી થઈ પ્રેમપૂર્વક પૂ. માના ચરણોમાં એ ફૂલો ચઢાવી, પ્રસાદ ગ્રહણ કરી, વિદાય લીધી. પોતાના બીછાના ઉપર વિરાજી સરયૂને પાસે બોલાવી. એણે પૂ. માના ચરણોમાં ગળે આંચલ વીંટી ખૂબ ભાવપૂર્વક વંદન કર્યાં. પૂ. માએ ખૂબ હળવેથી એના



માથા પર પોતાનો હાથ મૂકી આશીર્વાદ આપી એને ચૂંબન કર્યું. આથી ખૂબ ભાવવિભોર બની ગઈ ને ધન્યતા અનુભવવા લાગી.

* * *

આ પ્રસંગ ૯, જૂન ૧૯૧૮ નો છે. સરયૂબાલા પૂ. શ્રી શારદામા પાસે પહોંચી તો તેઓ ધ્યાનમગ્ન હતાં. એવામાં પાંચ છ ભક્ત બહેનો કલકત્તાથી આવી પહોંચી. તેમાંની એક બેનને પેટની ગાંઠનું દર્દ હતું, જેનું ઓપરેશન કરવાનું હતું. ઓપરેશનનો તેને ભય લાગતો હતો.

પૂ. માએ તેઓને ચરણસ્પર્શ ન કરવા દીધો. અને કોઈ અગમ્ય કારણોસર દૂરથી જ પ્રણામ કરવા સૂચના આપી. આ બહેનોમાંથી એક બહેને પેલી દર્દીબેનને આશીર્વાદ આપવા પૂ. માને વિનંતિ કરી. તેઓએ કહ્યું, "ઠાકુરને પ્રણામ કરી સાચા દિલથી પ્રાર્થના કરો. તેઓ સર્વ કાંઈ કરવા સમર્થ છે." આ પછી તેઓએ તે બહેનોને મોડું થાય તે પહેલાં ઘેર જવા સૂચના આપી. તેઓના ગયા પછી પૂ. માએ તે જગાએ ઝાડુ મરાવી સાફ કરાવી ને ત્યાં ગંગાજળ છંટાવ્યું. પૂ. શારદામાએ સરયૂને કહ્યું : "બેટા, મને ઝટ થોડો પંખો નાંખ. મારા આખા શરીરે બળતરા થાય છે. આ કલકત્તાને તો તોબા દૂરથી નમસ્કાર! અહીં આવીને તેઓ તો તેમનાં દુ:ખોની લાંબી લચક યાદી રજૂ કરી દે છે, વળી તેમાંના કેટલાય પાપકર્મો કરનારા છે; તો કેટલાકોએ વીસ-પચ્ચીસ બાળકો પેદા કર્યાં છે, ને તેમાંથી આઠદસ મરી ગયાં છે. તે માટે અહીં આવી રડે છે. જેમને પોતાના મન અને શરીર ઉપર કોઈ સંયમ જ નથી તેમને તે શું માનવ કહેવાય?"

# શ્રી યોગેશ્વરજી અને અખબારો

નારાયણભાઈ જાની

### વાંચનનો રસ

શ્રી યોગેશ્વરજીને માત્ર નવ વર્ષની વયે ઓરફનેજમાં મૂકવામાં આવ્યા તેને લીધે તેમને પ્રારંભમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો; તો બીજી બાજુ એમને અણધાર્યો લાભ પણ થયો. એ લાભ વાંચન ભૂખ સંતોષાય એનો હતો. કદાચ તેઓ તેમના વતન સરોડામાં રહીને ભણ્યા હોત તો તેમને આવી સારી વાંચન માટેની સુવિધા પ્રાપ્ત ન થઈ હોત.

આ સંસ્થાના દાદર પાસેના એક ઓરડામાં વાંચનાલય લાયબ્રેરી હતી. અહીં ગુજરાતી અને અંગ્રેજી દૈનિકો તો રોજ આવતાં. તે ઉપરાંત સારાં ગુજરાતી માસિકો પણ આવતાં-જેમાં મુખ્ય હતાં કુમાર, કૌમુદી, પ્રસ્થાન, ઊર્મિ વગેરે. વળી લાયબ્રેરીમાં પુસ્તકો ઠીક ઠીક હતાં. અઠવાડિયામાં એકવાર વાંચવા માટે પુસ્તકો બદલાવી શકાતાં.

ઓરફનેઝના મોટા ભાગના વિદ્યાર્થીઓને ભણવામાં દીલચસ્પી-ઓછી રહેતી, તો પછી વધારાનું બહારનું વાંચવાનું તો મન જ ક્યાંથી થાય? આમ છતાં થોડાક વિદ્યાર્થીઓ છાપાં ઉપર ઉપરથી જોઈ જતા-ખાસ કરી રમતગમત તેમ જ મનોરંજન પૂરતો એમને વિશેષ રસ રહેતો. થોડાઓનો ઈતર વાંચનનો શોખ નવલકથાઓ કે વળી નવલિકાઓનાં પુસ્તકોમાં



પરિસમાપ્ત થઈ જતો. જીવન ઘડતરમાં ઉપયોગી એવાં મહાપુરુષોનાં જીવન ચરિત્રો કે ચિંતનાત્મક વાંચનમાં અથવા તો સાહિત્યનાં ઈતર પુસ્તકોમાં-ભાગ્યે જ કોઈ વિદ્યાર્થીને રસ પડતો.

અહીંની લાયબ્રેરીમાં થોડાં સાહિત્ય ને જીવનચરિત્રનાં પુસ્તકો હતાં. તે ઉપરાંત ચિન્તનાત્મક એવાં કાકાશ્રી કાલેલકર, કિશોરદાસ મશરૂવાળા, વિનોબાજી, મહાત્મા ગાંધીજી, કેદારનાથજીનાં કેટલાંક પુસ્તકો હોવા છતાં વણવપરાયેલાં જ પડી રહેતાં.

ગુજરાતી સાતધોરણ પાસ કર્યા પછી શ્રી યોગેશ્વરજી એટલે વિદ્યાર્થી ભાઈલાલનું ધ્યાન એ તરફ વધુ ખેંચાયું. તેને જીવનઘડતરમાં ઉપયોગી એવી બાબતોમાં જ રસ હતો. એટલે આ પુસ્તકો એને લાયબ્રેરીમાંથી સહેલાઈથી મળી રહેતાં. વળી અમારી શાળાની લાયબ્રેરી પણ ઠીક ઠીક સમૃદ્ધ હતી. તેમાંથી પણ આવાં પુસ્તકો સરળતાથી મળી જતાં.

શ્રી યોગેશ્વરજીની તે વખતની બાર તેર વર્ષની વયના પ્રમાણમાં તેમનામાં ઘણી બધી અસામાન્યતાઓ જણાતી; જેવી કે અતિ ઓછું બોલવું. કદી મસ્તી-તોફાન કે ટીખળમાં ભાગ ન લેવો. બીજા વિદ્યાર્થીઓ સાથે ઓછું ભળવું, તેમ જ તે જ વયના બીજા વિદ્યાર્થીઓને ટોળટપ્પાં મારવામાં કે ચલચિત્રોની ચર્ચાઓમાં, શિક્ષકોની ખાસિયતોનાં રમુજી વર્ણનો નકલો, કે ટીકાઓ કરવામાં રસ પડતો હોય, તેનો તેઓમાં સદંતર અભાવ જણાતો. હા, એક બાબતમાં એમને રસ પડતો. અને તે રમતોમાં-ખાસ કરી ક્રિકેટમાં.

ઓરફનેઝના મકાનના કમ્પાઉન્ડમાં જ એક બાજુ પર મોટી ખાલી જગા હતી. તેનો વિદ્યાર્થીઓ મેદાન કરીકે ઉપયોગ કરી, રમતો રમતા. ખાસ કરી શનિ-રવિમાં અહીં ક્રિકેટ ને કબ્બડીની રમતો જામતી. શ્રી યોગેશ્વરજી આ બંને રમતોમાં ભાગ લેતા. પરંતુ તેઓની વિશેષ રૂચિ ક્રિકેટ તરફ હતી. તેમને એ રમતનું સારું જેવું જ્ઞાન હતું. તેઓ સારા બેટસમેન હતા. જ્યારે સંસ્થા તરફથી બહારનાઓ સાથે મેચો ગોઠવાતી ત્યારે તેઓ તેમાં ભાગ લેતા.

શ્રી યોગેશ્વરજીના વિદ્યાર્થી જીવનની એક વિશેષતાએ રહી કે તેઓને ગમતી ક્રિકેટ અને કબ્બડી કે ખોખો જેવી રમતોમાં તેઓ ભાગ લેતા, રસ દાખવતા; પરંતુ એ રસ કદી તેઓની આધ્યાત્મિકતાની ઉપરવટ ન જઇ શકતો. સાહિત્યનો તેમ જ રમતોનો રસ પણ તેઓ એટલી હદે સીમિત રાખતા કે તેઓના અભ્યાસ અને આધ્યાત્મિક-ચિંતન -મનનની મનગમતી પ્રવૃત્તિઓમાં તે બાધક ન બને. વિદ્યાભ્યાસ કાળ દરમ્યાન જ મેટ્રીક પછી એક એવો તબક્કો એમના જીવનમાં આવ્યો કે ત્યારે વિદ્યાભ્યાસ પણ ગૌણ બની ગયો ને આધ્યાત્મિક સાધના જ જીવનનું એક માત્ર લક્ષ બની રહી. સર્વે નદીઓનાં વારિ જેમ એક સાગરમાં ઠલવાઇ વિલીન થઇ જાય એમ જીવનની બધી જ રસવૃત્તિઓ આધ્યાત્મિક સાગરમાં સમાઇ જઇ, તેને જ બળવત્તર બનાવી રહી.

એક ઈશ્વરાભિમુખ જાગૃત માણસનું જીવન કેવું હોય એનું દર્શન શ્રી યોગેશ્વરજીના તે સમયના જીવનમાં જોવા મળતું.



તે વખતના અંગ્રેજી ચોથા ધોરણથી જ તેઓએ પોતાના અભ્યાસ માટેની-ખાસ કરી વાંચનની જે સરસ ટેવ પાડી હતી, તેને લીધે તેઓની ઘણી મહેનત બીજા વિદ્યાર્થીઓની સરખામણીમાં બચી જતી. તેઓ કોઇ પણ વિષયનું પાઠ્યપુસ્તક એક વાર પૂરેપૂરૂં વાંચી જતા. તે વખતે તેમાં જે અગત્યનું લાગે તેનું માર્કીંગ કરી લેતા. આ રીતના બીજા વાંચનના અન્તે પરીક્ષાની દૃષ્ટિએ જે વધુ ઉપયોગી જણાય, તે માટેનાં લખાણોને ચિહ્નાંકિત કરી લેતા. પછી જ્યારે પણ સમય મળે ત્યારે તે બધા ઉપર નજર ફેરવી લેતા. પરિણામે તે આખો વિષય એમને આત્મસાત થઇ જતો.

અભ્યાસનો ખરેખર સાચો અર્થ તેઓ સમજ્યા હતા. એટલે જ ઉપયોગી કે આવશ્યક લખાણોનું વાંચન તેઓ વારંવાર કરતા-જ્યાં સુધી તે લગભગ કંઠસ્થ ન થઇ જાય ત્યાં સુધી "To study means to do a thing repeatedly till it is well understood and imbibed."

"અખબારોનું વાંચન"

ભણવા માટે મુંબઇ આવવાનું થયું તેનાથી તેઓને જે કેટલાક વિશિષ્ટ લાભો થયા, તેમાંનો એક લાભ દેશ અને દુનિયાના સમાચારોથી જાણકાર રહેવા માટે રોજ છાપુ જોઇ જવું તે એક કહી શકાય. અહીં જે શબ્દપ્રયોગ 'જોઇ જવું' કર્યો છે, તે સહેતુક છે. છાપું વાંચવામાં પણ તેઓની નીરક્ષીર વિવેકદૃષ્ટિ દેખાતી. જે અગત્યના જાણવા જેવા સમાચાર હોય તે જ વિગતે જોવાના. બાકી બીજા સમાચારો ઉપર તેઓ માત્ર નજર ફેરવી લેતા.

વિદ્યાભ્યાસ કાળ દરમ્યાન ભારતની આઝાદીની લડત ચાલતી હતી. એટલે તેના સમાચારો તેઓ ધ્યાનપૂર્વક જોતા. વળી દુનિયાના અમેરિકા, જર્મની, રશિયા જેવા દેશો ભારતની આઝાદીની અહિંસક લડત પ્રત્યે કેવો અભિગમ ને દૃષ્ટિ ધરાવે છે, તે જાણવા તેઓ ઉત્સુક રહેતા. એથી એ અંગેના સમાચારો પણ તેઓ જોઇ જતા.

આ ઉપરાંત ક્રિકેટની રમત તેઓને ગમતી. તેઓ પોતે દુનિયાના બીજા દેશોમાં કે ભારતમાં રમાતી ક્રિકેટમેચોના સમાચારો વાંચી જતા. આ એમનો રસનો વિષય હતો.

આ બધું જોઇ જવામાં તેઓ માત્ર અડધો કલાક ફાળવતા. સવારે ઓરફનેઝની લાયબ્રેરીમાં છાપું ન જોઇ શકાયું હોય તો શાળાના લાયબ્રેરી હોલમાં નાની કે મોટી રિસેસો દરમ્યાન તેઓ નજર ફેરવી લેતા. વિદ્યાભ્યાસ કાળથી જ તેઓ માનતા કે પોતાના દેશમાં અને દુનિયામાં શું બની રહ્યું છે, તે માણસે જાણવું જોઇએ, કારણ કે તે બધી ઘટનાઓની અસર તેના જીવન ઉપર સીધી કે આડકતરી પડતી હોય છે.

વિદ્યાભ્યાસ કાળથી અખબાર જોવાની તેમની આ દૃષ્ટિ, તેઓ હિમાલયમાં સાધના માટે ગયા ત્યાં પણ ચાલુ રહી. શક્ય હોય ત્યાં-તેઓ અંગ્રેજી કે હિન્દી અખબારો જોઇ લેતા. મુંબઇમાંથી પ્રસિદ્ધ થતા જન્મભૂમિ તેમ જ રાજકોટના ફૂલછાબમાં તેઓના લખાણની કોલમો સને ૧૯૬૦ પછી પ્રસિદ્ધ થતી રહી, તે પછી તો આ અખબારોના સંચાલકો શ્રી યોગેશ્વરજી જ્યાં હોય ત્યાં તેઓને



મોકલતા રહેતા. તેઓશ્રી પ્રત્યે તેઓ સારો આદરભાવ ધરાવતા ને માનથી જોતા.

શ્રી યોગેશ્વરજી કહેતા કે લોકમાનસને કેળવવામા અખબારો ઘણો મોટો ફાળો આપતાં હોય છે. એથી સારાં રાષ્ટ્રીય અખબારો હોવાં જોઇએ-જેઓ શાસકોનાં સારાં કાર્યોની રજુઆત કરે અને ખોટાં કાર્યો, પગલાં કે નીતિઓની નિર્ભીક ટીકા કરતાં રહે-જેથી શાસકો બેફામ કે સરમુખત્યાર ન બની જાય.

શ્રી યોગેશ્વરજીની વિશેષતા એ હતી કે સામાન્ય માણસોની જેમ અખબાર આવ્યું ને તે લઇને ઝટપટ બેસી જવું તેવું કદી તેઓમાં જોવામાં આવ્યું નથી. તેઓના જીવનની શ્રેષ્ઠ પ્રાથમિકતા–first priority–આધ્યાત્મિકતા જ હતી. એટલે તેઓની દૈનિકચર્યામાં જમ્યા પછી કે સાંજના ચારથી પાંચના ગાળામાં–અખબાર જોવાનો સમાવેશ થઇ જતો. ગમે તેવી ઉત્તેજક ઘટનાઓના પ્રસંગોએ પણ તેઓનું મન આવા સમાચારો ઝટ વાંચી લેવાની જીજ્ઞાસાવૃત્તિથી ચંચળ ન બનતું. આવો ભારે તેઓનો માનસિક સંયમ હતો.

જમ્યા પછી વામકૂક્ષી વેળા સૂતાં સૂતાં કે કદીક મોટા તકીએ આડા પડીને તેઓ અખબાર ઉપર નજર ફેરવી લેતા. કદીક કોઇ સારું લખાણ હોય ને આપણે પાસે હોઇએ તો તે વાંચી જવાની ભલામણ કરતા.

સમાચાર પત્ર જોયા વિના ચાલે જ નહિ અને તે ન જોવાયું હોય તો જાણે આફ્રિકાના અંધારિયા ખંડમાં આવી પડ્યા-એવી લાગણી તેઓ કદી અનુભવતા નહિ. કેટલાક સંત

પુરુષો એવી ભલામણ સાધકોને કરતા હોય છે કે છાપાં ન વાંચો. એનાથી કારણ વગરનો વિક્ષેપ મનમાં ઊભો થાય છે. અખબારોમા વાંચેલી કેટલીક સારી નરસી ઘટનાઓની પ્રતિક્રિયા જાણે-અજાણે અજ્ઞાત મન sub-conscious Mind ઉપર પડતી રહે છે. એથી તેમનાથી બચવા માટે પ્રારંભિક અવસ્થાના સાધકે આવી સાવચેતી રાખેલી સારી, એવું આ સંતપુરુષો માનતા હોય છે. તેઓની આ પ્રકારની માન્યતામાં તથ્ય પણ છે. શ્રી યોગેશ્વરજી પણ વિદેશની યાત્રાઓ વખતે કે ભારતમાં વિચરણ વખતે ઘણીવાર કહેતા કે આપણે અખબાર વાંચીએ કે ન વાંચીએ તેનાથી કંઇ ખાસ ફેર પડવાનો નથી. દેશ જ્યાં છે ત્યાં જ રહેવાનો છે. કોઇ આભ તૂટી પડવાનું નથી. એટલે સહજરીતે અખબાર મળતું હોય તો તટસ્થભાવે તે જોઇ જવું. તેમાં આલેખાયેલ ઘટનાઓના સારા-માઠા સમાચારોથી વિક્ષુબ્ધ ન થવું, કે પોતાની જાતને-માનસિક રીતે તે ઘટનાઓમાં ન જોડવી. આવી તટસ્થ ભાવનાથી અખબાર જોવમાં આવે તો તે સાધકને બાધક ન બને. એની પાછળ વધુ પડતો મૂલ્યવાન સમય ન વેડફાય તે પણ જોવું. આ રીતે અખબાર વાંચવામાં પણ વિવેકદૃષ્ટિ રાખવાનું તેઓ સૂચવતા. જો કે આવી વિવેકદૃષ્ટિ સહેલાઇથી નથી સાંપડતી. તે માટે માણસે પોતાની જાતને કેળવવી પડે છે, ઘડવી પડે છે. મન પરનો સંયમ વધારવો પડે છે અને સમજપૂર્વક સારા-ખોટાનો ભેદ પારખવો પડે છે.

(ક્રમશ:)



### * સાચું સુખ *

તમારું સુખ સમાયું છે, સહુના સુખની અંદર!
તો, પ્રભુભાવે ભીંજાયેલું, નિરંતર રાખજો અંતર!
થતો જે આત્મનો આનંદ, બીજાંને સુખ દેવામાં,
અનુભવ શો અનેરો એ!-ખરા સુખને સમજવામાં!

### * સળંગસૂત્રતા *

અનંતાનંત કર્મોની, સળંગતા આ જીવનમાં છે!
ત્યાં, શુભાશુભ જે બને તેમાં, નથી અદ્ધર-અરાજક તે!
નિયમ છે 'કાર્ય-કારણ'નો, પ્રસંગ/ઘટ્ના પ્રગટવામાં,
નથી એ ટુકડો છૂટો,-સંબંધ એનો સળંગતામાં!

### * આઘાત-પ્રત્યાઘાત *

વ્યવહારની અથડામણે, 'આઘાત' મન પર થાય જે,
દૃઢ સ્થિરતાથી મન ઘડાતાં, લવલેશ સ્પર્શી જાય તે!
સદ્ભાવ ને સમજણ થકી, આઘાતનો પ્રતિ-ઘાત હો!
'પથ્થર' સમા આઘાત પ્રત્યે, 'ફૂલ' પ્રત્યાઘાત હો!

—રતિલાલ ભાવસાર

# સોનાનો સૂરજ

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

સોનાનો સૂરજ? હા, સોનાના સૂરજ! કલ્પના લાગે છે ને? પરંતુ એ પરમ વાસ્તવિકતા છે. પૂ. મા પધારે એટલે એમના છોકરાઓ માટે ખરેખર સોનાનો સૂરજ ઉગે અને સૃષ્ટિ બને પ્રસન્નતાની સૃષ્ટિ! ગમે તે ઋતુ હોય પરંતુ પૂ. મા પધારે એટલે પ્રેમ અને પરમાનંદ વર્ષાહેલી જામી પડે! છોકરાઓ મન મૂકીને એ વર્ષાહેલીમાં સ્નાનમોજ માણે. ગાંડાતુર બની દોડધામ કરી મૂકે! મનપર જાણે ભૂત સવાર થઈ જાય! ભાવ એવો તો ઊમટી પડે કે એ કેમ વ્યક્ત કરવો તે માટે મીઠી મુંઝવણમાં ઘેરાઈ જવાય! એ પ્રેમદર્શનને ઝીલી લેવા મનનું દર્પણ જાણે નાનું પડે! નાનકડું હૈયું જાણે ભાવ સમાવવા નાનું પડે! એ શ્રી ચરણોમાં દંડવત્ કરીએ કે ઘુંટણીયે પડીએ, કેવાં કેવાં પુષ્પો કે પ્રસાદ અર્પણ કરીએ તે નિર્ણય થઈ શકે નહિ! મન પૂ. માના આગમનની આતુરતાની આંધિમાં આમ અટવાતું હોય ત્યાં તો પૂ. મા પધારી જાય, દર્શન કરવા મન તલપાપડ થઈ ઊઠે, અને એ મંગલ દર્શન થતાં જગત તો શું? અસ્તિત્વ પણ વિસરાઈ જાય! ત્યાં સ્વાગત, પ્રણામ, પુષ્પ અને પ્રસાદની વિધિઓ કોણ કરે?

સુરતા સર્વ ગઈ સંધાઈ,
અમૃતરસ ચાખે,
કૃતાર્થતાના ઉડ્યા ફુવારા,
આંખ મળી આંખે.



પૂ. માનું દર્શન એક પ્રકારની સમાધિ સ્થિતિ છે. આવી સમાધિ સ્થિતિના આનંદમાં છોકરાઓ ડૂબ્યા જ્યારે પૂ. મા ૧૭, સપ્ટેમ્બર '૮૯ ના રોજ મોરબી પધાર્યાં. પૂ. માને તો પધારવા અને તે માટે સ્વાગતની ઝંખના લવલેશ હોતી નથી. ઝંખના માત્ર પોતાના છોકરાઓને રમાડવાની અને એમ રમાડતાં રમાડતાં વાત્સલ્યભાવે પ્રભુપ્રેમના પયપાનનો રસાસ્વાદ નસેનસમાં ભરી દેવાની! પૂ. મા પણ એ સહજભાવ વ્યક્ત કરતાં કહે છે કે હું તો મારા છોકરાઓને મળવા જઉં છું, છોકરાઓને મળવા માટે વળી આમંત્રણની પણ શું જરૂર? પૂ. માનું આગમન થાય એટલે એ ચાલમાં, વાણીમાં, નયનોના ભાવમાં એક આત્મીયતાની ઉષ્માની હૂંફનો અનુભવ થાય. બસ આવો જ પૂ. મા અને છોકરાઓનો મેળો જામ્યો ૧૭ મી સપ્ટેમ્બરના રોજ સવારે સાડાદશ વાગ્યે શ્રી હરિના નવા નિવાસસ્થાન "શ્રી મા"માં. એ મેળાનો આનંદ માણીએ એ પહેલાં એ સત્સંગમેળાના સારથિ શ્રી હરિનું સાન્નિધ્ય પણ માણી લઈએ. હા, શ્રી હરિનું સાન્નિધ્ય પણ માણવા જેવું છે.

'શ્રી હરિ'નું નામકરણ પણ શ્રી હરિરૂપ, મહાત્મા યોગેશ્વરજીના શ્રી મુખેથી સહજ રીતે સરી પડ્યું હતું. એટલે જ 'શ્રી હરિ'ના નામાંકન માટે તેમનામાં કેટલી પાત્રતા હતી તે માટે હવે શંકાને સ્થાન રહેતું નથી. અત્યારે આપણે જેમનો પરિચય મેળવી રહ્યા છીએ તે છે શ્રી હરિભાઈ ભોજાણી, મોરબી શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સફળ સરસંચાલક. છેલ્લા બારેક વર્ષથી તેઓ આ સત્સંગ કેન્દ્ર મારફત સેવાની સુંદર પ્રવૃત્તિ ભારે ઉત્સાહપૂર્વક કરી રહ્યા છે. સેવા હંમેશાં ભોગ

માગે છે અને તે શ્રી હરિભાઇ આપતા આવ્યા છે. આ સત્સંગ કેન્દ્ર મારફત જ તેઓએ સમગ્ર ગુજરાતના સાધકોની એક ધ્યાનશિબિર મહાત્મા શ્રી યોગેશ્વરજીના માર્ગદર્શન હેઠળ, અનેરા ઉત્સાહ વચ્ચે ભારે સફળતાપૂર્વક પાર પાડી હતી. છેક ૧૯૭૫ થી પૂ. શ્રી યોગેશ્વરજીના દિવ્ય સત્સંગનો લાભ દરવર્ષે મોરબી શહેરની ભાવિક જનતાને અપાવી રહ્યા છે. પૂ. શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી આજે પણ પૂ. મા સર્વેશ્વરીના દિવ્ય સત્સંગનો અપૂર્વ લાભ સત્સંગ સમાહોનું આયોજન કરી મોરબી શહેરને અપાવી રહ્યા છે. શ્રી હરિભાઇ આ ધ્યાનકેન્દ્રની પ્રવૃત્તિની સાથે સાથે મોરબીની બીજી સત્સંગ પ્રવૃત્તિઓને મદદરૂપ થતા રહ્યા છે, ખાસ કરીને જડેશ્વર મંદિરમાં થતી સત્સંગ પ્રવૃત્તિઓમાં ફાળાઓ કરીને નાણાંકીય રીતે સહાયરૂપ થતા રહ્યા છે. આ ધ્યાનકેન્દ્ર જ્યાં ચાલી રહ્યું છે. તે શંકર આશ્રમની પ્રવૃત્તિઓને આર્થિક તેમ જ બીજી સેવાકીય પ્રવૃત્તિઓને ખડે પગે રહીને સક્રિય રીતે મદદરૂપ થઇ રહ્યા છે. શંકર આશ્રમમાં પધારતા સાધુસંતોની સેવા પણ પોતાની રીતે કરતા રહે છે.

સત્સંગ કરવો અને કરાવવો તે શ્રી હરિભાઇનું જીવન-સૂત્ર બની ગયું છે. આજે પણ દર રવિવારે અને ગુરુવારે નિયમિત રીતે સત્સંગના કાર્યક્રમોનું સુંદર અને વ્યવસ્થિત સંચાલન કરી રહ્યા છે. તેઓ સત્સંગના કાર્યક્રમોનું સંચાલન એટલી સરસ રીતે કરે છે કે તેમાં ક્યારેય કંટાળો આવતો નથી. વ્યવસ્થા અને ચોકસાઇ તેમના જીવનનો પર્યાય બની ગયાં છે. તેમના મિત્ર વર્તુળમાં પણ એવી છાપ કે વ્યવસ્થા ને ચોકસાઇ તો હરિભાઇની! શ્રી હરિની આ સુંદર સત્સંગ



પ્રવૃત્તિએ કંઇ કેટલાયના આત્મદીપક પ્રજ્જ્વલિત કર્યાં છે. કોઇપણ જીવને સત્સંગમાં પ્રવૃત્ત કરવો એ અઘરું કામ છે, પરંતુ શ્રી હરિભાઇની નજર બાજપક્ષી જેવી. પોતાના શિકારને છટકવા ન દે. એને સત્સંગમાં જોડ્યે છૂટકો કરે. વ્યક્તિમાં રહેલા ગુણને તેમની ગુણદર્શી દૃષ્ટિ શોધી કાઢે, તેને બિરદાવે, પ્રોત્સાહિત કરે, પોતાનો સમય અને શક્તિ ખર્ચીને પણ તેને સગવડતા કરી આપે. આ પાછળ શ્રી હરિનો શુભ આશય એટલો જ કે વ્યક્તિ પ્રભુપંથે વળે, અને આ ભૌતિકતાની અગનઝાળથી બચી શાંતિનો અનુભવ કરે.

શ્રી હરિની આ આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં તેમનાં ધર્મપત્ની શ્રી મંજુબેનનો પણ એટલો જ હાર્દિક સહકાર. શ્રી હરિ પોતાના કામમાં રોકાયેલા હોય, બહાર ગયા હોય તોપણ શ્રી મંજુબેન આ પ્રવૃત્તિને અટકવા ન દે, પોતે તો દરેક સત્સંગ બેઠકમાં હાજરી આપે જ છે. તેમ છતાં શ્રી હરિની ગેરહાજરીમાં તેમની ખોટ વરતાવા ન દે. શ્રી મંજુબેનની પોતાની પણ એક અલગ ભાવસૃષ્ટિ છે. સરલ હૃદય અને આતિથ્યપ્રેમ તેમના વ્યક્તિત્વને દીપાવતા બે દીપકો છે.

પૂ. યોગેશ્વરજી અને પૂ. મા પ્રત્યેના તેમના અદ્દભુત ભાવની વાતો લખવા બેસીએ તો તેનો અંત આવે તેમ નથી. એ દંપતિની સૌજન્યશીલતા, વિનમ્રતા અને અંતરનો પ્રેમ એટલો ઉત્કટ કે પૂ. મા તેમના આમંત્રણને બહુ દૂર હડસેલી શકે નહીં. અલબત્ત એ ભાવ જોઇને પૂ. માને જ એવો ઊમળકો થઇ આવે કે "ચાલો તેમને મળી આવીએ" એટલે જ હમણાં શ્રી હરિએ પોતાનું નવું નિવાસસ્થાન બનાવ્યું ત્યારે

તેમના ભાવભર્યા નિમંત્રણને લઇને પૂ. મા જાણે બધું મૂકીને દોડી આવ્યાં.

શ્રી હરિનો આ નવું નિવાસસ્થાન બનાવવા પાછળનો એક મુખ્ય આશય એ પણ ખરો કે પૂ. મા જ્યારે પણ મોરબી પધારે ત્યારે અહીં જ ઉતારો રાખે, અને એ માટે થોડો ગજા ઉપરાંત ખર્ચ કરીને પણ પૂ. માને બધી પ્રકારની અનુકૂળતા રહે તે માટે છૂટે હાથે ખર્ચ પણ કર્યો. પૂ. માએ જ્યારે આ નવા નિવાસસ્થાનમાં પગલાં પાડ્યાં ત્યારે જે પ્રસન્નતા વ્યક્ત કરી તેથી આ ભાવિક દંપતિની કૃતાર્થતાનો કોઇ પાર ન રહ્યો. પૂ. માએ તો ત્યાં સુધી કહ્યું કે હવે અમારી અનુકૂળતાએ એક માસ અમે અહીં રહેવા માટે પણ આવીશું. શ્રી હરિ તો આ ઘરને પોતાનું ઘર માનતા જ નથી. તેઓ તો નમ્રતાપૂર્વક કહે છે કે આ તો પૂ. મા અને પૂ. મહાત્માજીનું ઘર છે. અમે તો તેના રખેવાળ છીએ. આ મકાનના સર્જનમાં તેમનાં સુપુત્ર મનીષે પોતાના ખભે બધો જ ભાર ઉપાડી લીધો છે. પૂ. મા માટે બધી જ અનુકૂળતા રહે તે માટે ખર્ચ તેમ જ મહેનત પાછળ રાતદિવસ જોયાં નથી. ખાસ કરીને પૂ. મા મોરબી પધારે તે પહેલાં કામ પૂર્ણ થઇ જાય તે માટે મનીષની જહેમત દાદ માગી લે તેવી છે. મકાન તો બધા જ બાંધે છે અને લાખો, કરોડો ખર્ચે પણ છે. તેમને માટે આ લખાતું નથી, પરંતુ પોતાના પ્રિય પ્રભુ માટે પ્રેમવશ થઇ બધું જ કરી છૂટવાની ભાવનાની કદર આ લેખનનો હેતુ છે.

શ્રી હરિના પ્રભુમય જીવનની વાત નીકળી છે ત્યારે તેમની એક માત્ર લાડકી પુત્રી મીનાને કેમ ભૂલી શકાય? પિતાનો આધ્યાત્મિક સંસ્કાર વારસો આજે પણ સાસરે રહીને



ઉજાળી રહી છે. મીના વિષે વધુ તો નહીં લખુ પરંતુ ક્યારેક વડોદરા જવાનું થાય ત્યારે અવશ્ય તેને મળવાની તક ઝડપી લેશો, એનું વર્તન તમને બધું જ કહી આપશે. અહીં આપણે એક સંતપ્રેમી સજ્જનના હેતના તાણાવાણાથી ગૂંથાયેલા સંસારમાળાની બેચાર પ્રેરણાદાયી વાતો સાંભળી. આપણા સૌના માટે તે અવશ્ય માર્ગદર્શક ઠરશે.

ચાલો, પાછા આપણે એ દિવ્યલીલામાં રમખાણ થઇ જઇએ, આપણાં મનને સતત એ દિવ્યદર્શનમાં લગાડી રાખીએ, ફરીથી આવી સોનેરી ઘડીઓ વારંવાર આવતી નથી. મોટર ઉતારા પાસે પહોંચી ગઇ છે. છોકરાઓ ટોળે વળી ગયા છે, આતુર નયનોની એક મીટ અને પૂર્વે કદી ના પ્રકટ્યું હોય તેવું પારાવાર અનંત વાત્સલ્ય લઇને,

"આજ પધારે હરિ!<br>
અહો હો! આજ પધારે હરિ,<br>
પળ આ મંગલ મંજુલ ચાલી,<br>
ભરી લો જીવન પ્યાલી.<br>
પીઓ, પીઓ, પીઓ સુખદ સુહાગી,<br>
પ્યાલી રસની ભરી,<br>
આજ પધારે હરિ, અહો હો! આજ પધારે હરિ."

શ્રી હરિને ઘેર 'હરિ' પધાર્યા ને આનંદ મંગલ પૂ. માની પ્રેમભરી દૃષ્ટિ સૌ બટુકો પર ફરી વળે છે. એ પ્રેમદર્શનથી છોકરાઓના ઉત્સાહનો કોઇ પાર નથી. જય જયકારના મંગલ ધ્વનિથી નવું નિવાસસ્થાન ગૂંજી ઉઠ્યું છે. પૂ. મા પુનિત પગલાં પાડતાં મોટા ઓરડામાં બિરાજ્યાં છે.

મધપુડાને મધમાખીઓ વળગી પડે તેમ છોકરાઓ એ

દિવ્ય મધુરસ ચાખવા વીંટળાઇ વળ્યા છે. પૂ. મા કહે "આજે આપણે નવા ઘરમાં બેઠા છીએ, છે આમાં કંઇ જૂનું? બધું જ નવું નવું છે. તેમ આ શરીરરૂપી ઘર પણ આપણને નવું જ મળ્યું છે. એમાં બધું નવું જ વસાવવાનું છે. ગત જન્મોના જૂના ઘરના સંસ્કારોને ભૂલી જવાના છે. કામ, ક્રોધ, મદ, મોહ લોભના પ્રચંડ વાવાઝોડાથી જૂનાં ઘર તો ખંડિયર બની ગયાં છે. આ જન્મના નવા ઘરરૂપી શરીરમાં એ જૂના સંસ્કારોને વસાવવા નથી. નવા ઘરમાં બધું જ નવું તેમ આ નવા ઘરમાં નવા પ્રભુપ્રેમના સંસ્કારો સાથે શ્રી હરિને પધરાવવાના છે. પ્રભુને આ ઘરમાં રહેવાનું ગમે તે માટે આ ઘરમાં જૂના સંસ્કારોનાં ડાઘ ન પડે તે માટે જાગૃત રહેવાનું છે. દરરોજ સત્સંગરૂપી જલથી તેને સાફ કરવું જરૂરી છે. શ્રી હરિભાઈના આ નવા ઘરમાં દરરોજ સત્સંગ ચાલતો રહે એવી અમારી ઇચ્છા છે. નવું ઘર દૂર એટલે ઘણાંને આવતાં થોડી આળસ થશે, પરંતુ સારી સારી પ્રસાદીઓથી શ્રી હરિભાઈ સૌનો ઉત્સાહ ટકાવી રાખશે, માટે સત્સંગમાં જરૂર નિયમિત બનજો. ભૌતિકતાની દોડ અત્યારે એટલી પ્રબળ છે કે આપણે જાગૃત નહીં રહીએ તો એ પ્રવાહમાં તણાઇ જઇશું. ભૌતિકતાને બદલે પ્રભુની પાછળ દોડીશું તો સુખ, શાંતિ અને પ્રસન્નતાની મંઝીલે જરૂર પહોંચી શકીશું. આરોગ્ય માટે જેમ કડવી દવા જરૂરી છે, તેમ શાંતિ માટે સત્સંગ કડવો લાગે તોપણ વળગી રહેજો. બાકી તો આ જીવન તરંગ જેવું ચંચળ છે, ક્યારે સમાપ્ત થઇ જાય તે નક્કી નથી."

અત્યારના સ્વાગત સત્સંગના સમાપનમાં પૂ. મા કહે "મા પોતાના છોકરાઓને ઘેર જાય ત્યારે આગળથી ખબર



આપવાની જરૂર નથી. મા પોતાના છોકરાઓની સગવડતા અગવડતા જોતી નથી, આજે તો અમે અમારે ઘેર આવ્યાં છીએ."

પૂ. મા અત્યારે જ અમદાવાદથી પધાર્યાં છે. છતાં છોકરાઓનો ઉત્સાહ અને આ નવું નિવાસસ્થાન જોઇને થાક વિસરી ગયાં છે. ખૂબ જ પ્રસન્નતાનો અનુભવ કરી રહ્યાં છે.

પૂ. મા અહીં ફક્ત ત્રણ દિવસ માટે છોકરાઓને મળવા માટે જ આવ્યાં છે. તેથી સત્સંગનો કોઇ જાહેર કાર્યક્રમ રાખ્યો નથી, છતાં સાંજે ઉતારા પર સત્સંગની બેઠક રાખતાં, આજે સાંજના સત્સંગમાં પૂ. માએ ઉદ્દાલકમુનિ અને નચિકેતાની વાત કરીને સમજાવ્યું કે "દાન હંમેશાં શ્રેષ્ઠ વસ્તુનું જ કરવું, દાન આપવું એ પવિત્ર કર્મ છે. તેથી ગમે તેવી હલકી વસ્તુઓ દાનમાં આપવાથી દાનનું પુણ્ય ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. બીજી વાત એ કહી કે અતિથિઓનું ભાવથી સ્વાગત કરવું જોઇએ. નચિકેતા સાથેનો યમરાજાનો વ્યવહાર માનવીય ન હતો. બાળક જાણીને કે કોઇને સામાન્ય ગણીને તેની અવગણના ન કરવી જોઇએ. કોઇ પણ ભાવથી, ગુસ્સામાં અપાયેલી પિતૃઆજ્ઞા પણ પાળવી જોઇએ. જે રીતે નચિકેતાએ ગુસ્સામાં અપાયેલી પિતૃઆજ્ઞા પાળી, તો આખરે તેનું કલ્યાણ જ થયું. દેવર્ષિ નારદના ભક્તિસૂત્રની વાત સમજાવતા કહે કે જેમ કોલસાની ખાણમાં જતા, કાળો ડાઘ પડ્યા વિના રહે નહિ તેમ સંતપુરુષનો સમાગમ કરીએ તો અવશ્ય શાંતિનો અનુભવ થાય. સાચા સંતનો સમાગમ દેવદુર્લભ હોય છે. સાન્નિધ્ય એવું જ શોધવું જેથી પ્રભુપ્રીતિના સંસ્કારો આપણાં અંતરપટ પર સતત પડતા રહે."

પૂ. મા બિરાજ્યાં હોય અને સામે છોકરાઓ બેઠાં હોય એ દૃશ્યનું દર્શન જાણે કર્યા જ કરીએ. કોણ જાણે કેમ પણ પૂ. મા ગમે જ ગમે! આમ બેઠાં હોય કે તેમ બેઠાં હોય, બેઠાં હોય કે ચાલતાં હોય, સુતાં સુતાં વાત કરતાં હોય, કે અમસ્તાંય મસ્તકના વાળને સંવારતાં હોય, ચશમાં પહેરતાં હોય કે ક્યારેક કંઈક આમતેમ શોધતાં હોય, કલ્પુબેનને કંઈ સમજાવતાં હોય કે માલતીબેનને વઢતાં હોય, પણ એ ભાવભંગીઓમાંથી જે પ્રેમનું ચિત્ર ઉપસે છે તે જુઓ, તો જોતા જ રહી જવાય. બીજું કંઈ ન કરીએ અને પૂ. માને બસ નીરખ્યાં જ કરીએ તો પછી સમાધિય શું કરવી! એ હાવભાવમાં, હલનચલનમાં, ઈશારા અને હરકતોમાં જે ભાવદર્શન છે એજ પ્રેમસ્વરૂપ પ્રભુદર્શન છે. બસ, સર્વત્ર પ્રેમ, પ્રેમ, પ્રેમનું દર્શન, પછી ભલા, બીજે ક્યાં ઈશ્વરદર્શન માટે ભટકીએ!

એક સાંજે, બસ આવી જ અંતરંગ બેઠક એ નવા નિવાસસ્થાનમાં જામી છે. હમણાં જ બધા શ્રીમદ્ રાજચંદ્રના જન્મસ્થાન વવાણિયાથી આવ્યા છે. છોકરાઓ પણ વવાણિંયા જતાં જે અદ્દ્ભુત પ્રસંગો બન્યા તેનું રહસ્ય જાણવા થનગની રહ્યા છે. પૂ. મા પણ એટલાં પ્રસન્ન છે કે ઘડીકમાં બેઠાં બેઠાં સુઈ જાય છે. વળી ઘડીકમાં સુતાં સુતાં બેઠા થઈ જાય છે.

માલતીબેન આજે ભારે મોજમાં છે. માલતીબેનના આનંદમાં સૌ ભાગીદાર થવા તલસી રહ્યા છે. માલતીબેનની એ પ્રેમભરી પ્રાર્થના પ્રભુએ જે અદ્દ્ભુત રીતે સાંભળી તેની અફલાતૂન વાત તેમની પાસેથી જ સાંભળીએ. માલતીબેન પાસે પૂ. માની વાતો સાંભળવી અને તે પણ તેમના ભાવ



લટકાંઓ સાથે, એ પણ એક લ્હાવો છે. એ ભાવ ભીંજવતી વાણીમાં માલતીબેન કહેવા લાગ્યાં "અમે અમદાવાદથી મોરબી શ્રી ભોજાણીભાઈને ઘેર પહોંચ્યાં, ત્યારે બધા સામાન સાથે પૂ. માની મોજડીનું બોક્ષ હતુ તે ઉતાવળમાં લેતાં ભૂલાઈ ગયું. ટેક્ષી તો અમને છોડીને તરત જ ઉપડી ગઈ. મારી ચિંતાનો પાર ન રહ્યો, મને એમ થયું કે પૂ. માને બહાર જવાનું થશે ત્યારે હું ભોટ જેવી શું જવાબ દઈશ? ત્રીજે જ દિવસે શ્રીમદ્ રાજચંદ્રના પ્રાકટ્ય સ્થાન વવાણીયા જવાનું થયું. મારી અકળામણમાં મને ક્યાંય ચેન ન પડે. સમય થતાં ચાર વાગ્યે ટેક્ષી આવી ગઈ. જોયું તો અમદાવાદથી આવ્યા હતા તેજ ટેક્ષી હતી, એટલે હું દોડીને ડ્રાઈવર પાસે ગઈ. તેને પૂછ્યું કે એક ચપલનું બોક્ષ અંદર રહી ગયું હતું તે તમને મળ્યું છે? ડ્રાઈવર કહે કે તે પછી તો અમે બે દિવસ આ ટેક્ષી ભાડે ફેરવી લાવ્યા છીએ અને દરરોજ સવારે ટેક્ષી સાફ પણ કરીએ છીએ. પરંતુ અમને એ ચપલનું બોક્ષ મળ્યું નથી. મને ધ્રાસકો પડ્યો કે હવે શું થશે? મારી મૂંઝવણનો પાર ન રહ્યો કે પૂ. મા ટેક્ષીમાંથી નીચે ઉતરશે ત્યારે મોજડી ક્યાંથી લાવીશ? એ શ્રી ચરણોની સેવા તો ત્યાં રહી પણ મારી બેદરકારીને લીધે પૂ. માને તરલીફરૂપ થવા માટે હું જ નિમિત્ત બનીશ! બધાને તો પૂ. મા સાથે નાનકડી યાત્રાનો ઉમંગ છે. જ્યારે હું તો સતત અજંપો અનુભવતી હતી. ઉતારા પરથી તો પૂ. મા સીધાં ટેક્ષીમાં બેસી ગયાં એટલે મોજડીની જરૂર ન પડી. પણ મારી ચિંતા તો એવી જ રહી."

વવાણિયા જતાં રસ્તામાં શારદાનગર નામે નાનું ગામ આવે છે. અહીં શારદામાતાનું નાનકડું સુંદર મંદિર છે.

મોરબીની પૂર હોનારત વખતે આ શારદાનગર ગામ રામકૃષ્ણમીશન તરફથી બાંધી આપવામાં આવ્યું હતું. પૂ. માની ઇચ્છા આ સ્મૃતિસ્થાનના દર્શનની હતી. તેથી સૌ ત્યાં ગયાં, પૂ. મા તો ખુલ્લા પગે જ ચાલ્યાં દર્શન માટે. માલતીબેન કહે "પૂ. માને ખુલ્લા પગે ચાલતા જોઇ મને કંઇ કંઇ થઇ જતું હતું. હૈયું ઉકળતું હતું." એ ઉકળાટ ઠાલવવા હું શારદામાતાના મંદિરે દોડી. શારદામાને પ્રાર્થના કરી "હે શારદામાતા! જો તમે આજે પૂ. માના સ્વરૂપે સાચા અર્થમાં આ પવિત્રસ્થાનમાં સદેહે વિચરી રહ્યાં હો તો મને પૂ. માની મોજડી મેળવી આપો. આ સિવાય મારે બીજું કંઇ જોઇતું નથી."

શારદામાને પ્રાર્થના કરી હું દોડી સીધી ટેક્ષી તરફ. ટેક્ષીમાં સીટ નીચે આતુરતા ભરી નજર ફેરવતાં મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. શારદામાની કૃપાના રૂપમાં મોજડીનું બોક્ષ ડ્રાઇવરની સીટ નીચે પડ્યું હતું, એ ચરણપાદુકાને હૈયે વળગાડી હું દોડી સીધી મા શારદા પાસે! મંદિરના પગથિયાં પાસે પહોંચી તો મા શારદા જાણે પૂ. માના સ્વરૂપમાં સામે ચાલીને મંદિરની બહાર આવતાં હતાં. એ શ્રી ચરણો આગળ મોજડી ધરી મસ્તક નમાવ્યું તો એ કૃતાર્થ ભાવને અશ્રુરૂપે ટપકતાં આંખો રોકી શકતી ન હતી. મારી પ્રાર્થના સાંભળી મા શારદા મારા માટે જાણે પૂ. માના સ્વરૂપમાં પ્રત્યક્ષ બની ગયા. પૂ. મા જ્યારે એ મોજડી પહેરી ચાલ્યાં ત્યારે મારા અંતરના આનંદને પૂ. મા સિવાય બીજું કોણ જાણે?

શ્રી માલતીબેનની પ્રાર્થના જે અદ્‌ભુત રીતે સંભળાઇ તેથી અમે સૌ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા. માલતીબેન



કહે છે કે એ બોક્ષ ઘરમાં ક્યાંય મૂકાઇ ગયું હતું કે ટેક્ષીમાં ભુલાઇ ગયું હતું તે મને બરાબર યાદ નથી. છતાં અમે ઘરમાં બધે જ તપાસી લીધું હતું. મોજડીનું બોક્ષ ઘરમાં પણ ન મળ્યું અને ટેક્ષી સાફ કરતા ડ્રાઇવરને પણ ના મળ્યું. પરંતુ પ્રાર્થનાની શક્તિએ જાણે જાદુ કર્યો! અશક્ય શક્ય બની ગયું! "કર્તુમ્ અકર્તુમ્ સમર્થ: સ: એવ ઈશ્વર:" એ સનાતન સત્ય ફરી એકવાર હૈયામાં કોતરાઇ ગયું!

પૂ. માના સાન્નિધ્યમાં આજે સત્સંગની ભારે મોજ આવી. પૂ. માના શ્રીમુખેથી વહેતા એ ભાવપ્રસંગે તો જાણે ચાર ચાંદ લગાડી દીધા! પૂ. મા કહે "જ્યારે અમને વવાણિયામાં ખબર પડી કે એક બહેન પોતાના બાબાને શારદાનગરમાં કોઇને ઘેર પાણી પાવા લઇ જતાં પોતાનું કિંમતી પર્સ ઉતાવળમાં ત્યાં ભૂલી ગયાં છે, ત્યારે અમને રંજ થયો. એ પર્સમાં પૈસા ઉપરાંત કિંમતી સાડીઓ પણ હતી, અમને એમ થયું કે અમારી સાથેની આ નાનકડી યાત્રા એ બહેન માટે તો દુ:ખદ સ્મૃતિ બની જશે. જ્યારે આ પ્રસંગને યાદ કરશે ત્યારે સત્સંગને બદલે પૈસા ગુમાવ્યાનું દુ:ખ માનસપટ પર તરી આવશે. તેથી અમને સહુને સહજ લાગી આવ્યું, અમે પ્રાર્થના કરી કે જે પવિત્ર સ્થાનમાં અમે આવ્યા છીએ તે સ્થાનના દેવપુરુષ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર એ પર્સને હેમખેમ રાખે. એ ઉપરાંત અમારા મનમાં પણ એવો સંકલ્પ ઉઠ્યો કે અમારા સ્વરૂપમાં મા શારદાની ચૈતન્યશક્તિ વિલસી રહી હોય તો શારદામાતાના એ પવિત્ર સ્થાનમાં એ બહેનની કિંમતી અનામત મા શારદા સલામત રાખે. આ પ્રાર્થના અને સંકલ્પ સાથે એ બહેનને ફરીથી એજ ટેક્ષીમાં

વવાણિયાથી શારદાનગર રવાના કર્યાં. શારદાનગર જઈને તે બહેને જોયું તો તેમના આશ્ચર્ય વચ્ચે તેમની કિંમતી પર્સ તે ભાઈના ઘેર કબાટમાં સલામત હતી. ત્યાંસુધી કે તે પર્સને સાચવનાર દંપતિએ ખોલ્યું પણ ન હતું. જ્યારે બહેને તેમની પ્રામાણિકતાની કદરરૂપે પચાસ રૂપિયા આપવા માંડ્યા ત્યારે તેમણે કહ્યું કે અમે આ માટે કંઈ પણ લઈશું નહીં, અમારી એ ફરજ હતી અને તે ફરજ બજાવવાનો અમને આનંદ છે. એ બહેનને પોતાનું પર્સ જે તે હાલતમાં મળી ગયું તેથી તેમની ગ્લાનિ હર્ષમાં ફેરવાઈ ગઈ."

પૂ. માનો આ સ્વાનુભવ સાંભળી સૌમાં એક આનંદની લહર ફરી વળી. સ્વાનુભૂતિની રસલ્હાણ એ મહાપુરુષોના સાન્નિધ્યની કૃપાપ્રસાદી છે. પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં આવા અનુપમ અલૌકિક પ્રસંગોની રસલ્હાણ પીરસાતી રહે છે. નજરે જોયેલા આવા અદ્દ્ભુત પ્રસંગોની અમીટ છાપ ઘણી વખત ચિત્તતંત્ર પર એવી તો પડે છે કે જીવનને એક નવા જ વળાંક પર વાળી દે છે. આવા પ્રસંગો જીવનમાં આમુલ ક્રાંતિ સર્જે છે, એ દિશાસૂચન જીવનપંથના પથિકને પ્રભુપંથના કલ્યાણમાર્ગે દોરી જાય છે.

મહાપુરુષોના સાન્નિધ્યની તોલે જીવનનો કોઈપણ સુખદ પ્રસંગ ન આવી શકે. પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં શ્રી માલતીબેનના પ્રાર્થના પ્રસંગે જે ભોવોર્મિઓનું લીલાગાન સહજભાવે ગૂંજી ઉઠ્યું તેવા સુખદ સનાતન સંગીતની સુરાવલિ બીજું કોણ સર્જી શકે? એ બેનના ખોવાયેલા પર્સ માટે નહીં પરંતુ એ બહેન માટે પૂ. માએ જે કરૂણાભાવ



વહાવ્યો તેની કિંમત આવા અનેક પર્સો પણ કદાપિ નહિ ચૂકવી શકે!

પૂ. માની આ મોરબીની મુલાકાત નહતી, જીવને શિવનો "શિવાસ્તે પંથાઃ"નો નવો રાહ ચીંધવા આવ્યાં હતાં એ દિશાસૂચન જેને મળી ગયું, તેના જીવનમાં તો જાણે સોનાનો સૂરજ ઉગ્યો!"

આજે પણ એ જ દિવ્ય સંદેશ લઈને પૂ. મા દેશ અને વિદેશોમાં ઘૂમી રહ્યાં છે.

પીઓરે, પિયાલા પ્રેમી! પ્રભુના પ્રેમના!

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# ગુરુની આવશ્યકતા

પ્રા. ડૉ. કમલ પુંજાણી

પ્રાચીન ગ્રંથોમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સાક્ષાત્ પરબ્રહ્મના સ્વરૂપ તરીકે પ્રદર્શિત કરવામાં આવ્યા છે અને 'નાસ્તિ જ્ઞાનં ગુરૂં વિના' એ સિદ્ધાંત મુજબ જ્ઞાનપ્રાપ્તિ તથા આધ્યાત્મિક સિદ્ધિ માટે ગુરુની પરમ આવશ્યકતા દર્શાવવામાં આવી છે. આમ છતાં વ્યક્તિના સ્વતંત્ર મનોવિકાસનો વિચાર કરવામાં આવે તો જણાય છે કે ગુરુનો આદર્શ શિષ્યના વ્યક્તિત્વને બીબાઢાળ બનાવી દે છે, તેથી શિષ્યે કોઈપણ બહારના ગુરુની અપેક્ષા રાખ્યા વિના પોતાના આત્માને જ ગુરુ બનાવવો જોઈએ. અવધૂતે પણ આ જ તથ્ય પર ભાર મૂક્યો છે અને કહ્યું છે :

'આત્મા મે ગુરુરાખ્યાતો
મન: શિષ્યો હ્યનુત્તમ:'

અર્થાત્ આત્મા મારો ગુરુ છે અને મન એ શિષ્ય છે.

જ્ઞાની કવિ અખાએ પણ 'ગુરુ તારો તું થા' કહીને આત્માના ગુરુત્વ તરફ ઇશારો કર્યો.

'અધ્યાત્મ'ના જાન્યુઆરી-૯૦ ના અંકમાં 'પ્રશ્નોત્તરી' શીર્ષક હેઠળ પૂજ્યવર શ્રી યોગેશ્વરજી મહારાજે જિજ્ઞાસુના પ્રશ્નોના જવાબ આપતાં ગુરુની આવશ્યકતા વિશે સોદાહરણ સમજૂતિ આપી છે. તેમણે પોતાના અનુભવની વાત રજૂ કરી સમજાવ્યું છે કે-"આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ



વધવા માટે ગુરુ અનિવાર્યરૂપે આવશ્યક નથી અને હોય તો પણ જીવનવિકાસના એવા કેટલાય નિયમો, તપો તથા વ્રતો છે જેમનું પરિપાલન અથવા અનુષ્ઠાન ગુરુની રાહ જોયા વિના પોતાની મેળે જ કરી શકાય."

આ પરથી સમજી શકાય છે કે શિષ્યે પોતાના જીવનવિકાસ માટે ગુરુની પ્રતીક્ષા કરી બેઠા રહેવું અથવા ગુરુ માટે જ્યાં ત્યાં ભટકવું ઠીક નથી, પરંતુ સંકીર્તન, સ્વાધ્યાય, સદાચાર વગેરેથી પોતાની જાતને ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકા પર લઈ જવા કોશિશ કરવી જોઈએ. એમ કરવાથી એક સ્થિતિ એવી નિર્મિત થશે કે આપોઆપ સદ્‌ગુરુનો મેળાપ થઈ જશે.

આમ 'First deserve and then desire'ના સિદ્ધાંત મુજબ પહેલાં યોગ્ય શિષ્ય બનવા મનુષ્યે પ્રયાસ કરવો જોઈએ. શિષ્યની યોગ્યતા કેળવ્યા પછી યોગ્ય ગુરુની પ્રાપ્તિ અનાયાસ થઈ જશે.

સંત પુનિતાચારીજી પણ શ્રીવર્ય યોગેશ્વરજીની જેમ ગુરુને અનિવાર્યપણે આવશ્યક ગણતા નથી. તેમની માન્યતા મુજબ ગુરુ દત્તાત્રેય જ સમસ્ત સંસારના સદ્‌ગુરુ છે.

ગુરુ દત્તાત્રેયે સૌ પ્રથમ યોગ્ય શિષ્યત્વ મેળવ્યું હતું અને ત્યાર પછી ગુરુનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. તેમણે પોતાના ૨૪ ગુરુઓ દ્વારા સમગ્ર સૃષ્ટિને 'યત્સારભૂતં તદુપાસનીયમ્'નો મંત્ર આપી સારતત્ત્વ ગ્રહણ કરવા સમજાવ્યું હતું.

તંત્ર, હઠયોગ વગેરેની સાધનામાં માર્ગદર્શક અથવા ગુરુની આવશ્યકતા રહે છે, પરંતુ આ ક્ષેત્રના નિષ્ણાત ગુરુઓ બહુ ઓછા હોય છે.

ગુરુની આવશ્યકતા એટલા માટે છે કે મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિના શિખરો પર ચઢતાં ચઢતાં માર્ગભ્રષ્ટ અથવા પતનોન્મુખ ન બને. એ માટે શિષ્યે યોગ્યતા કેળવી યોગ્ય ગુરુની સર્વતોભાવે શરણાગતિ સ્વીકારવી જોઈએ–જે રીતે જગદ્‌ગુરુ યોગેશ્વર શ્રીકૃષ્ણ સન્મુખ અર્જુને વિનીતભાવે કહ્યું હતું :

'શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્'

આ રીતે, આધ્યાત્મિક ઉન્નતિ માટે ગુરુની આવશ્યકતા કેટલે અંશે છે, તે મનુષ્યની અથવા તો શિષ્યની યોગ્યતા અથવા ક્ષમતા પર આધાર રાખે છે. સદ્‌ગુરુ વસ્તુતઃ સમસ્ત આકાર-વિકારોથી પર શાશ્વત ચૈતન્યસ્વરૂપ પરમ પ્રકાશનું પ્રતીક છે, જેના દ્વારા મનુષ્ય અથવા શિષ્ય 'યાદૃશી ભાવના યસ્ય...' સિદ્ધાંત મુજબ પોતાની ભાવનાનુસાર સિદ્ધિ મેળવી શકે છે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# વચન પાળ્યું પ્રભુએ

ગુલાબબેન ભક્ત (પનામા)

"નવરાત્રિ પછી અમે આ વરસે ૧૯૮૯ માં પણ વિદેશ જવાનું વિચારીયે છીએ. પનામા જવા માટેની જ એ યાત્રા હશે. એક બેને અમે પનામા ના જઈએ ત્યાં સુધી છેલ્લા એક વરસથી અન્નનો ત્યાગ કરી ફળ દૂધ ઉપર ઉપવાસો શરૂ કર્યા છે. તો અમારી ફરજ છે કે પ્રભુની ઇચ્છા હોય તો આ વરસે પનામા સત્સંગ માટે જવું."

પૂ. મા સર્વેશ્વરીએ ૧૯૮૯ ની નવરાત્રિમાં અંબાજીમાં ઉપર મુજબ સૌને જાણ કરી. ભારતથી તે સમાચાર અમને પત્ર દ્વારા મળ્યા.

અમે તો પૂ. માને ૧૯૮૪ થી આમંત્રણ આપ્યાં જ કરતાં હતાં. ઉપરના સમાચારથી અમને ખૂબ આનંદ થયો.

થોડા જ દિવસોમાં પૂ. મા યુ. એસ. એ. ઓક્ટોબર ૮૯ માં આવી પણ ગયાં. અમને જાણ થતાં અમે ફરી આમંત્રણ આપ્યું. પૂ. માએ ફોન ઉપર કહ્યું, "આ વખતે ફક્ત પનામા આવવા માટે જ-તમારી પ્રાર્થના સાંભળવા જ આવ્યાં છીએ. હવે તમારા હાથમાં છે." અમે કહ્યું, "પ્રભુ જરૂર અમારા ઉપર કૃપા કરશે ને તમને જરૂર પનામા લાવશે."

અને અમે બીજા દિવસથી જરૂરી કાર્યવાહી શરૂ કરી. પ્રથમ દિવસે જ મુશ્કેલી ઉભી થઈ. તપાસ કરતાં જાણવા મળ્યું કે પનામા આવવા કોઈને પણ પરમીટ મળતી નથી, ને

અમેરિકામાં તો પનામાની એમ્બેસી પણ બંધ થઇ ગઇ છે.

થોડા જ દિવસોમાં ફરી પ્રભુએ કૃપા કરી. પરમીટ તો પ્રયત્નો કરતાં મળી ગઇ ને તે પૂ. મા જ્યારે કેનેડા નવેમ્બરમાં પધારે ત્યારે ત્યાં જ મોકલવી એવું નક્કી થયું. જેથી કેનેડાથી બધી કાર્યવાહી થઇ શકે ને આશ્ચર્ય સાથે એ બધું કામ નિર્વિઘ્ને પતી પણ ગયું!

જાણે પૂ. માના અંબાજીમાં બોલાયેલા શબ્દો પ્રથમ તબક્કે પ્રભુએ સાચા પાડી બતાવ્યા. અમને આનંદ આનંદ થઇ ગયો.

પૂ. માને હવે પરમીટ મળી ગઇ. તા. ૨૪ મીએ પૂ. મા પનામા પધારવાનાં એ નક્કી થઇ ગયું. અમને સમાચાર મળતાં જ સ્પેનીશ ભાષામાં આમંત્રણ પત્રિકા છપાવી સૌને જાણ કરી.

૧૯૮૪ થી અમે દર મહિને શ્રી યોગેશ્વર પ્રભુએ ગુજરાતી ભાષામાં કાવ્યમાં અનુવાદિત કરેલાં વિષ્ણુસહસ્રનામ, શિવમહિમ્ન સ્તોત્ર ને સરળગીતાનાં પારાયણ નિયમિત રીતે રાખતાં. ઘણી બધી બેનો એમાં ભાગ લેતી. અમે બધા અધ્યાત્મના ગ્રાહકો પણ બન્યાં હતાં. તેને લીધે સૌ પૂ. શ્રી યોગેશ્વર પ્રભુને તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરીને જાણતાં હતાં. હવે પૂ. મા પોતે પધારે છે તે જાણી સહુને ખૂબ આનંદ થયો.

ને સાચે જ પ્રભુએ પૂ. માનું વચન પાળી બતાવ્યું. પનામાના જેવા નાનકડા દેશના એ એરપોર્ટ ઉપર તા. ૨૪/૧૧/૮૯ ની મંગલ રાત્રિએ શ્વેત વસ્ત્રધારી પ્રભુના



સ્વરૂપની સાથે પૂ. માએ અમને દર્શન આપી ધન્ય કરી દીધાં. અત્યાર સુધી જેમને વીડિયો કેસેટોમાં જ સાંભળ્યાં હતાં તેમનાં પ્રત્યક્ષ દર્શનથી અમે ખૂબ ખૂબ આનંદિત થયાં, કૃતાર્થ થયાં.

અમારી છેલ્લા એક વરસની પ્રાર્થના પૂ. માએ આજે સાંભળી એનો પણ અમને ખૂબ ખૂબ આનંદ થયો. પ્રાર્થનામાં અમારી શ્રદ્ધા વધવા લાગી.

પનામામાં પ્રથમવાર જાહેર સત્સંગ પૂ. માના આગમનથી શરૂ થયો. પૂ. માનું વ્રત, તપ નજરે જોવાનું પ્રથમવાર સદ્‌ભાગ્ય અહીંના લોકોને મળ્યું. ઘણા ઘણા ભાઇબેનોનાં જીવન પરિવર્તન કરવાનું કામ પણ પૂ. માના હાથે થયું.

પૂ. મા સર્વેશ્વરી જાણે ભગવતી સ્વરૂપે અહીં પધાર્યાં. હે મા! આપને વારંવાર પ્રણામ. જે પાવન ધરતી ઉપર આપ પ્રગટ્યાં તે સિદ્ધભૂમિ કપૂરાધામને પ્રણામ. આપનાં માતાપિતા, કુળને પણ વંદન, વંદન, વંદન.

* * *

### પૂ. મા પનામાની ધરતી ઉપર

અમારી ૧૯૮૧ થી થતી પ્રાર્થનાનો જવાબ છેવટે પ્રભુએ આપ્યો, ને પૂ. માને અમારા નાનકડા દૂરના દેશમાં મોકલ્યાં.

જગતજનની પૂ. મા સર્વેશ્વરી તા. ૨૪/૧૧/૮૯ ની સાંજે એરપોર્ટ ઉપર પધાર્યાં. સૌ ભાઇબેનોએ ૐ મા, જય મા, સર્વેશ્વરી મા, ૐ મા, જય મા, જય જય મા-ની ધૂનથી

પુષ્પો વડે પૂ. માને આવકાર્યાં. ત્યાંથી પનામાના આ વરસે જ બંધાયેલા વિશાળ ભવ્ય મંદિરમાં પૂ. માને લઇ જવામાં આવ્યાં. ત્યાં જાહેર જનતા તરફથી ને મંદિર તરફથી સ્વાગત આરતી થયાં. પૂ. માએ સ્વાગતના જવાબમાં પ્રસન્નતા વ્યક્ત કરતાં, મંદિરનું મહત્ત્વ પોતાના વાર્તાલાપમાં સમજાવ્યું.

ત્યાંથી ઉતારા ઉપર પધારતાં ફરી પૂ. માનું સ્વાગત પુષ્પહાર ને આરતી વગેરેથી થયું.

બારતેર કલાકની સતત મુસાફરી પછી પૂ. મા આરામ કરે છે.

પનામા શહેરના નવા બંધાયેલા મંદિરમાં સૌ પ્રથમ પૂ. માનાં જ જાહેર પ્રવચનો બીજા દિવસથી શરૂ થયાં. સાંજે સાડાસાતની આરતી પછી પૂ. મા તરત જ પધારે છે. પનામાની ભારતીય જનતાથી મંદિરનો વિશાળ હોલ સમયસર ભરાઇ જાય છે. પૂ. માનું સ્વાગત થાય ને પછી દોઢ કલાક દરરોજ પૂ. મા જીવનશુદ્ધિના, પ્રભુપરાયણ જીવનના કૃપા પ્રસંગોને વણી લેતાં ભજનો સાથે પ્રવચનો આપે છે. સરળભાષામાં જનસમાજને ઉપયોગી જીવનભાથુ પૂ. માના શ્રી મુખે સાંભળી સૌને ખૂબ આનંદ થાય છે. તેથી જ કોઇ પણ જાતના ભેદભાવ વિના સૌએ પોતાનો કાર્યક્રમ છે એમ માની સાતે સાત દિવસ સંપૂર્ણ હાજરી આપી એ નોંધપાત્ર ઘટના બની રહે છે.

સૌએ દરરોજ મંદિરમાં સમયસર આવી પ્રવચનનો લાભ તો લીધો જ પણ પનામાથી કોલોન નામના દૂર દૂરના શહેરમાં પણ પૂ. માનું પ્રવચન છે એવું સાંભળતા જ પનામાથી એક



મોટી બસ ભાડે કરીને, વળી ૧૭, ૧૮ પોતાની ગાડીઓ લઇને પણ સૌ ભાઇ બેનો ત્યાં પણ પહોંચી ગયા ને પૂ. માનો લાભ લીધો. એ દૃશ્ય જોતાં જ પૂ. મા સૌના હૃદયમાં વિશેષ સ્થાન પામ્યાં હોય એવો સંતોષ થયો.

કોલોનમાં જાહેર પ્રવચનમાં પૂ. માએ ગુરુ નાનકદેવની ને શ્રીમદ્ રાજચંદ્રની પણ વાતો કરી, જેથી કોલોનની જનતાને વિશેષ કરીને પંજાબીઓને તથા જૈનધર્મી ભાઇબેનોએ પણ પૂ. મા પ્રત્યે આદરભાવ વ્યક્ત કરી, ફરી ફરી કોલોન પધારવા આમંત્રણ આપ્યું.

સત્સંગના સાત દિવસ પાણીના રેલાની જેમ આનંદથી પસાર થઇ ગયા ને જાણે અચાનક અંતિમ વિદાયનો દિવસ પણ આવી પહોંચ્યો. સૌના હરખભર્યા હૈયાં સૂનાં બની ગયાં.

અંતિમ દિવસે પૂ. માએ જનતાને અભિનંદન આપ્યા. વ્યસન મુક્તિની વાતો કરી સૌનો આભાર માન્યો અને પૂ. મા સાથે પધારેલા ભક્તો તરફથી પૂ. માએ મંદિરને ભેટ અર્પણ કરી.

પનામા મંદિર તરફથી પૂ. માનું શાલ ઓઢાડી સન્માન કરી આભાર માની ફરી ફરી પનામા પધારવા આમંત્રણ આપ્યું. વળી મહિલામંડળની બેનો તરફથી ભેટ સ્વીકારવાને ફરી પનામા પધારવા વિનંતી કરવામાં આવી.

પૂ. માએ ખૂબ નમ્રતાપૂર્વક સૌના સદ્ભાવનો સ્વીકાર કરી શાલ ફરીથી પ્રસાદીરૂપે કોઇ સુપાત્રને ભારત પહોંચાડવા ટ્રસ્ટીમંડળને અર્પણ કરીને મહિલામંડળની વિનંતી ધ્યાનમાં રાખી અધ્યાત્મ વાંચવા સૌને ભલામણ કરી. અને પનામા ફરી

પણ આવીશું એમ કહી પૂ. માએ સૌને ફરી ફરી ધન્યવાદ આપ્યા.

છેવટે એરપોર્ટ ઉપર પણ ઘણી મોટી સંખ્યામાં સૌ પધારી, પૂ. માને ફરી ફરી પનામા વધારવાની વિનંતી સાથે ભાવભરી વિદાય આપી.

## સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

૫૧ શ્રી પ્રભુભાઇ હળવદીયા, મોરબી.
૫૧ શ્રી છગનભાઇ સોરઠીયા, સુરત.
૩૭૧ બે અમેરિકાના ગ્રાહકો તરફથી.
૧૦૦૦ ડો. મધુસૂદન વલ્લભભાઇ ભક્ત, કપૂરા-સ્વ. જયશ્રીની પુણ્યસ્મૃતિમાં.
૫૦૧ શ્રી નીરૂબહેન પ્રવિણભાઇ ભક્ત, સાનડિએગા, સ્વ. પિતાશ્રીની પુણ્યસ્મૃતિમાં.
૫૦૧ શ્રી મણિબહેન ઈશ્વરભાઇ ભક્ત, કપૂરા-સ્વ. પિતાશ્રીની પુણ્યસ્મૃતિમાં.
૧૦૧ શ્રી ઈશ્વરલાલ સીતારામભાઇ ભક્ત, વ્યારા-ચિ. અમિતના જન્મપ્રસંગે.
૨૧ શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, ભાવનગર.
૯૭ શ્રી ધીરજભાઇ મોઘરીયા, ધ્રાંગધ્રા.
૫૧ શ્રી ચંદ્રકાન્ત ગંગારામ પંડ્યા, રાજકોટ.
૧૧ શ્રી સંજય ચંદ્રકાન્ત પંડ્યા, રાજકોટ.
૧૦૧ વડોદરાના એક સાધક બહેન તરફથી.
૫૧ શ્રી સુશિલાબહેન મોહનલાલ ભક્ત, કપૂરા-શ્રી મોહનલાલની તબીયત સુધરતાં.



# આશીર્વાદથી આરોગ્ય

શારદાબેન રતિલાલ શાહ (યુ.એસ.એ.)

(૧)

પૂ. માનો જન્મદિન કેનેડામાં ઉજવાશે એટલે ગયા વરસની જેમ આ વખતે પણ જઇશું. એવી તનમનથી તૈયારી હતી, પણ બધી ગણત્રી ઉંધી પડી. મારે તા. ૫ નવે. અચાનક દવાખાનામાં દાખલ થવું પડ્યું. એલર્જીને લીધે શરીર ઉપર મોટા મોટા ફોલ્લા ઉઠ્યા ને તેની દવા માટે ગ્લુકોઝના બાટલા સતત ચાલુ થયા.

સતત ગ્લુકોઝ દ્વારા દવા શરીરમાં ચાલુ થઇ. વેદના વધી. હાથ દુઃખે, પ્રભુસ્મરણ પણ કેટલું થાય? છતાં માળા, પ્રાર્થના ચાલુ જ હતી. થાકી કંટાળીને ડોક્ટરને રજા આપવાની તેમ જ બાટલા કાઢી નાંખવાની વિનંતિ ચાલુ જ રાખી.

છ દિવસ પછી પણ ડોક્ટર તો કહે, "તમારા શરીરમાં ગ્લુકોઝ દ્વારા જ દવા અસર કરે છે. તેથી હજી તો ચારેક દિવસ બાટલા તો આપવા જ પડશે." અને મને થયું 'અરે રે! હજી અઠવાડિયું રહેવું પડશે.'

એવી માંદગીની પળોમાં તા. ૧૩ નવે. પણ આવી પહોંચી. આ વખતે તો કાર્ડ પણ ના મોકલાયો. પૂ. મા પાસે જવાયું પણ નહીં. તેથી ઘરે સૂચના આપી કે "આજે પૂ. માને ફોનથી અભિનંદન આપજો."

ઘરેથી સાંજે ૪ વાગે કેનેડા ફોનથી સંપર્ક થયો. પૂ. માને

બદલે શ્રી સુરેશભાઇ શાહ મળ્યા. તેમને જણાવ્યું "માંદગીને લીધે આવી ના શકાયું. પૂ. માને પ્રણામ કહેજો." વાતો પૂરી થઇ.

એકાદ કલાક પછી અચાનક મારા આશ્ચર્ય વચ્ચે દવાખાનાના મારા રૂમમાં ફોનની ઘંટડી વાગી. કોણ હશે? અરે આતો મારી માનો અવાજ! આનંદ આનંદ થઇ ગયો!

પૂ. માએ મારો દવાખાનાનો નંબર મેળવી કૃપા કરી મારી સાથે વાતો કરી. શું કહ્યું? ખબર છે!

પૂ. માએ કહ્યું, "શારદાબેન, તમે નશીબદાર છો. હજારો દર્દી એવાં છે જેમની સારવાર કરનાર, ખબર પૂછનાર, કોઇ નથી. માંદગીમાં સગા વ્હાલાની કસોટી થઇ જાય. માંદગી તો પ્રભુનું નામ લેવાનું, સાધનાનું સ્થળ છે. પ્રભુએ આરામ કરવાનો સમય આપ્યો. તો જપ પ્રાર્થનામાં સમય પસાર કરો. તમે જલ્દી સારાં થઇ જાઓ, એવું ઇચ્છું છું. આ દિવસો પણ ચાલ્યા જશે, યાદ રાખજો."

પૂ. માના મધુર કંઠે અપાયેલા આ આશ્વાસનથી મારા મનને ખૂબ રાહત થઇ ગઇ. જાણે દુ:ખમાંથી હળવી થઇ ગઇ, મારા મોઢા ઉપરની પ્રસન્નતા જોઇને મારાં નાનાં બેન ડોક્ટર ત્યાં જ હતાં. તેમણે કહ્યું પણ ખરું, તમે તો જાણે એકદમ સારાં થઇ ગયાં હો એવી રીતે વાતો કરતાં હતાંને? મેં કહ્યું, "હા, એ તો મારી દયાળુ માનો ફોન હતો. મને એમનામાં ખૂબ શ્રદ્ધા છે. જેનું નામ જપું છું, જેનાં ભજન ગાઉં છું, જેની રોજ પ્રસાદી લઉં છું. તેની સાથે આજે વાતો થઇ ને આનંદ આનંદ થઇ ગયો. અરે, મારું અર્ધુ દુ:ખ જાણે ઓછું થઇ ગયું!"



તા. ૧૩ ની રાત પડી. રોજની જેમ મનમાં પ્રાર્થના ગાવાનું શરૂ કર્યું.

> 'દિવ્ય સ્વરૂપના દર્શન કાજે,
> શ્રદ્ધા ને ભક્તિ ભરી દો, સ્વામી;
> કૃપાની વર્ષા વરસાવો સ્નેહે....

ને રાત્રે ૧૧ વાગ્યે નર્સ આવી. કોઇ પણ જાતની વાતો કર્યા વગર તેણે પ્રથમ મારા હાથ ઉપર જે ગ્લુકોઝનો બાટલો લગાડ્યો હતો તે કાઢી નાંખ્યો, પછી કહ્યું, "આજે તમને ગ્લુકોઝ નહીં, હવે ગોળીઓ આપવાની છે."

અને બીજે દિવસે સવારે ડોક્ટર આવ્યા. મને પૂછવા લાગ્યા, "કેમ છો? સારૂ છે ને? ઘરે જવું છે?" મેં કહ્યું, "હું તો રોજ એની જ રાહ જોઉં છું." ડોક્ટરે કહ્યું, "ઘરે ફોન કરી દો. હું રજા ચીઠ્ઠી લખી આપું છું."

અને સાચે જ મારા આશ્ચર્ય વચ્ચે હું તા. ૧૪ નવેમ્બરની સવારે અચાનક ઘરે પણ આવી ગઇ!

પૂ. માની સાથે વાતો પછી પૂ. માના શબ્દોએ જાણે મારા શરીરમાં જાદું કરી દીધું ને મને નવી સ્ફૂર્તિ આપી. પૂ. માના આશીર્વાદ–"જલ્દી સારા થઇ જાવ, આ દિવસો ચાલ્યા જશે." એ શબ્દોએ જાણે તરત જ પોતાનું કામ ચાલુ કરી મને દવાખાનામાંથી મુક્તિ અપાવી દીધી. ઘડીભર તો થયું કે પૂ. માને જો તા. ૫ મી થી જ ફોન કર્યો હોત તો કદાચ જલદી રજા મળી જાત. પણ પછી કર્મનાં ફળ કોણ ભોગવે? એવા એવા વિચારો સાથે પૂ. માના આશીર્વાદનું મૂલ્ય સમજવાના પ્રયત્નો કરવા લાગી.

## પ્રસાદીએ કામ કર્યું

(૨)

ઋષિમુનિયો કહે છે કે "તમારું દુઃખ જ્યાં ત્યાં ગાશો નહીં, સાચા સંતને કહેજો જેથી તે તટસ્થ ભાવે આપણા કલ્યાણની જ વાતો કહી સલાહ આપશે."

સંતો દયાળુ હોય છે. આપણું દુઃખ સાંભળી તેમના મુખમાંથી "જા, સારું થઇ જશે" એવા શબ્દો નીકળી જાય તો તે ઘણી વાર સાચા પડે છે, પણ સંત એ રીતે પ્રસન્ન થાય તો ને?

અમે સંસારી રહ્યાં. અનેક મુંઝવણો મનમાં ચાલ્યાં કરતી હોય. તે મુંઝવણનો ઉકેલ કદાચ ભારતમાં મળે એવી ગણત્રીથી અમે આ વરસે ભારત જવાનું વિચાર્યું, ને તરત જ પૂ. મા સર્વેશ્વરી યાદ આવ્યાં. તપાસ કરી તો શ્રી વિનોદભાઈએ કહ્યું, "મા કોઈને ભારતમાં મળવાનાં નથી," તો પછી ભારત જઈએ ને પૂ. મા પણ ના મળે તો જવાનો અર્થ શું? પણ પ્રભુની ઈચ્છા પ્રમાણે અમારું જવાનું બે વાર બદલાયું ને. છેવટે બંધ રાખવું પડ્યું.

ત્યાં જ અચાનક શ્રી વિનોદભાઈને ત્યાંથી પ્રભુની પ્રતિષ્ઠાનું આમંત્રણ આવ્યું. તે જ દિવસે બપોરે અમારે અગત્યનું કામ હતું, પણ પૂજામાં જઈ આવીએ, જલ્દી આવતાં રહીશું, એવી ગણત્રીથી ત્યાં ગયાં.

અમારા આનંદ અને આશ્ચર્ય વચ્ચે અમે તે દિવસે પૂ. માનાં અચાનક દર્શન પામ્યાં. સત્સંગનો લાભ પણ મળ્યો. પૂ. મા ક્યારે અમેરિકા આવ્યાં તે પણ ખબર ના પડી. ખૂબ આનંદ થયો.



સત્સંગ પછી પૂ. માએ મને પોતાની રૂમમાં બોલાવી, સમાચાર પૂછ્યા. મારી દીકરી પલ્લવીના ખાસ સમાચાર પૂછ્યા. કે તે નિયમિત માળા ને પ્રાર્થના કરે છે ને? મારા ઘરના સૌ પણ આવ્યાં હતાં. તેમને પણ માએ બોલાવ્યા. શ્રી રતિભાઈએ પૂ. માને કહ્યું, "અમે ભારત જવા પ્રયત્નો કર્યા પણ બબ્બેવાર બુકીંગ બદલાવવું પડ્યું. ને આપ ભારતમાં ના મળો તે જાણીને પણ નિરાશ થયાં હતાં. હવે આપ અહીં અચાનક મળી ગયાં. તો મને લાગે છે કે મુંઝવણનો ઉકેલ હવે અહીં જ આવી જશે કે શું? કંઇ સમજાતું નથી. સંજોગો બધા જ પલટાઇ ગયા લાગે છે.

પૂ. માએ સહજભાવે કહ્યું, "તમારું કામ અહીં જ થઈ જાય તો સારુ ને! લો સાકર. આજે કામ પતી જાય એવું ઇચ્છું છું. વહેંચજો સૌને."

પૂ. માનો અચાનક પ્રસાદ અને આશીર્વાદ મળતાં જ મને તો ખૂબ ખૂબ આનંદ થયો. મેં તેને શ્રદ્ધાથી સ્વીકારી લીધો. કામ પૂરું થયા પછી પૂ. માએ વહેંચવાનું કહ્યું હતું. અમે તો ઘરે પહોંચી ગયાં. એ પ્રસાદ જલદી કામ કરવા માંડે એવી ગણત્રી રાખી અમે તો તે જ દિવસે કામના આરંભે જ તે પ્રસાદ વહેંચી દીધો.

ને કામ બપોરે શરૂ થયું, તે ચાર પાંચ દિવસના અંતે અણધારી રીતે પૂરું પણ થઇ ગયું. આમ મુંઝવણનો ઉકેલ ભારતમાં નહીં અહીં જ અચાનક મળી ગયો. નાનકડી સાકરની ટુકડીએ જાણે માના શબ્દો સાચા પાડ્યા કે પછી પૂ. માના આશિર્વાદથી સાકરે પોતાનું કામ કર્યું. એ તો પ્રભુ જાણે. પરંતુ

અમારું કામ થયું તે હકીકત. જેની અમે કલ્પના પણ કરી ન હતી.

હરિ તમે હળવો કરો મારો ભાર,
અવનવી અગણિત આવે ઉપાધિ.
કરી દો અમને પાર....

સાચે જ મને પૂ. માનું આ ભજન ખૂબ ગમે છે ને પૂ. માએ સાચે જ અમારા ઉપર કૃપા કરી ને મારો ભાર ઘેર બેઠાં હળવો કરી દીધો.

હે મા! જીવનમાં આ રીતે ડગલે ને પગલે તમારી કૃપા વરસાવ્યાં કરજો એવી પ્રાર્થના છે.

## * દીવાદાંડી *

કોઇ ગમ નથી,
કોઇ અફસોસ નથી,
કારણ કે
વારંવાર મારાથી તને મળાતું નથી.
મેં તો મારી હર ધડકનમાં
તને ધબકતી જોઇ છે.
સંસાર સાગરમાં મારી દીવાદાંડી તો તું જ છે મા!

—આશા ભક્ત



# .....કરું પ્રણામ

ગીતા શાહ (કેનેડા)

પૂ. મા સર્વેશ્વરીનો પ્રથમ પરિચય ૧૯૮૮ માં જ મને થયો. સત્સંગમાં રોજ લગભગ જવાનું બનતું. અમારે ત્યાં પણ સત્સંગ ગોઠવાય તો કેવું સારું? પણ કોઇ પરિચય વિના શી રીતે કહેવાય! કહેવાની હિંમત જ નહતી. તા. ૪-૧૦-૮૮ ના દિવસે સત્સંગનો છેલ્લો કાર્યક્રમ. પૂ. મા બીજે દિવસે વિદાય લેવાનાં હતાં. અમારી પ્રાર્થના શ્રી અશોકભાઇ પાઠક મારફતે મોકલી. એકવાર, બેવાર વિનંતિ થઇ. પૂ. મા તો દયાળુ. તરત જ એમણે કોઇપણ પરિચય વગર પ્રાર્થના સ્વીકારી લીધી. પરિચિત કે અપરિચિત, નાનાં કે મોટાં, ગરીબ કે તવંગર, જૂના કે નવાના ભેદભાવ વિના સૌને વિશાળ હૃદયથી આવકારનાર પૂ. માનો સાચો પરિચય જીવનભર યાદ રહી ગયો. પૂ. માની સ્તવનમાળામાં ગવાતું સાંભળેલું કે:-

"સૌના માટે હૃદય વિશાળ, હે વિશાલેશ્વરી! કરું પ્રણામ,
કરુણામૂર્તિ માત મહાન, હે કરુણેશ્વરી, કરું પ્રણામ."

એ શબ્દો અમને યથાર્થ લાગ્યા.

પૂ. મા સાથે યાત્રામાં તો કદી જોડાવવાનું બન્યું જ નહતું. જે જોડાયેલા તેમની પાસેથી યાત્રાના આનંદની વાતો સાંભળી ઇચ્છા થતી હતી. જાણે મારી જ પ્રાર્થનાના જવાબરૂપે પૂ. માએ અચાનક ૧૩ નવે. ૧૯૮૯ ના રોજ નાયગ્રાફોલ્સની

યાત્રા ગોઠવી. રવિવાર હતો છતાં તરત જ બસ પણ મળી ગઇ! પૂ. માનો સંકલ્પ હતોને! જાણે પ્રભુએ તે પૂર્ણ કર્યો. વળી જતાં આવતાં સતત અખંડ આનંદ મળ્યો. સામાન્ય રીતે આપણે સગાં, મિત્રો, સ્વજનો સંબંધીઓ સાથે જઇએ તો સમાજની સંસારની વાતો કરીએ. અહીં તો સતત ધૂન, ભજન, કીર્તન, ગરબાનાં પરમાનંદમાં સૌ ડૂબી ગયાં. જાણે કોઇ તીર્થયાત્રા કરવા જતી મંડળી હોય તેવો અલૌકિક આનંદ પૂ. માના સાન્નિધ્યમાં સૌએ માણ્યો.

શુભ સંકલ્પને તું સર્જનાર, મા સંકલ્પેશ્વરી કરું પ્રણામ,
અખંડ આનંદ તું ધરનાર, મા નંદેશ્વરી કરું પ્રણામ.

છેલ્લા વીસ વરસનો વિક્રમ તે દિવસે તૂટ્યો. વાતાવરણમાં સખત બરફની વર્ષા, ઠંડો તોફાની પવન, ને સખત ઠંડીની આગાહી છતાં નામગ્રા પહોંચતાં જ જાણે પ્રકૃતિએ પૂ. માના સ્વાગતમાં પલટો લીધો. સાચે જ અમે બધા બસમાંથી નીચે ગરમ કપડાથી સજ્જ થઇને ઉતર્યા ને મંજીરાના તાલ સાથે ગરબાની રમઝટ જામી પણ તાલ બરાબર ના લાગતાં પૂ. મા અચાનક ગરબાની વચ્ચે આવ્યા ને ઢોલક લઇને ખોખા ઉપર બેસીને વગાડવા લાગ્યાં. લગભગ અડધો કલાક પૂ. માએ કીર્તનમાં મસ્ત બની સૌને કીર્તનની મસ્તી કેવી હોય એનો અનુભવ કરાવ્યો. સૌ આનંદવિભોર બની ગયા. ક્ષણભર માટે સંસાર ભૂલાવી સૌને સ્વર્ગીય સુખ ધરી દીધું.

કીર્તન ભક્તિમાં તું છે પ્રવીણ, હે કીર્તનેશ્વરી કરું પ્રણામ,
કાળ ઉપર શાસન કરનાર, હે કાલેશ્વરી કરું પ્રણામ.

સવારથી જ તે દિવસે પૂ. મા અમારી સાથે હતાં. સવારે



નવ થી છેક રાત સુધી પૂ. માનું આટલું લાંબુ સાન્નિધ્ય ને દર્શન મારે માટે પહેલું જ હતું. આજે પૂ. માને પાણી પણ લેવાનું નહતું. સવારે જે સ્ફૂર્તિ જોઇ તે જ બપોરે પણ, ને તે જ રાત્રે પણ જોવા મળી. એક સરખી સ્ફૂર્તિ, એક સરખી પ્રસન્નતા. લાંબા ઉપવાસે પણ થાક નહતો એક સરખી શક્તિ પૂ. માના જીવનમાં અમને પ્રથમવાર જોવા મળી.

વિના અન્ન શક્તિ ધરનાર, હે અન્નેશ્વરી કરું પ્રણામ,
સ્મિત વદના તું સદા પ્રસન્ન, હે સ્મિતેશ્વરી કરું પ્રણામ.

પાંચ વર્ષનો-બાળક હોય કે પચાસ વરસનો, સૌ ઉપર કોઈપણ ભેદભાવ વિના એક સરખું વ્હાલ પૂ. માનું વરસે. તા. ૧૪ નવે. બાળદિન છે, એ પૂ. માને યાદ હતું. તેથી બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ ફરી ગોઠવ્યો. બાળકો ખૂબ પ્રિય, બાળકોને પૂ. માએ પોતાના તરફથી પુરસ્કાર પણ આપ્યા, સૌને પ્રોત્સાહન આપ્યું ને બાળકો સંસ્કૃતિના રક્ષક છે, એ વાત યાદ કરાવીને માતાપિતાનો બાળકો પ્રત્યે સાચો ધર્મ શું છે તે, અને બાળકોનું શી રીતે વિદેશમાં ઘડતર કરવું, એ વિષય ઉપર પ્રકાશ પાડતો વાર્તાલાપ આપ્યો.

વ્હાલની વેણુ વગાડનાર, મા વ્હાલેશ્વરી કરું પ્રણામ,
ધર્મ નીતિ પાલન કરનાર, મા ધર્મેશ્વરી કરું પ્રણામ.

પૂ. માના સત્સંગથી અમારા શુભ સંસ્કારો જાગ્રત થયા. એમની કૃપાથી બે ત્રણ પ્રાર્થનાઓ પણ લખાઇ.

(૧) માડી તારા ભક્તની વારે દોડી આવ.

(૨) જય ગુરુદેવ જય ગુરુદેવ.

(૩) આભાર માનું છું આભાર માનું છું.

પૂ. માના સંપર્કથી અમારા અજ્ઞાનનાં આવરણો પણ હઠી જશે અને સૌનું મંગલ કરવા જ પધારનાર શ્રી યોગેશ્વર ગુરુદેવની પ્રેરણાથી ચાલતું ધ્યાનકેન્દ્ર પણ અમને પૂર્ણ પંથે દોરી જશે, એવો વિશ્વાસ વધતો જ જાય છે.

અમે દર ડીસેમ્બરમાં ક્રિસ્ટમસ પાર્ટી ઉજવીએ છીએ. ભજનકીર્તન અન્નકૂટ કરીને ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ પણ દર વરસે ઉજવીએ છીએ.

પૂ. માએ પાર્ટીનું વર્ણન સાંભળી ખૂબ કડક શબ્દોમાં સાચી સમજ આપતાં કહ્યું, "તમારું સત્સંગનું ને પાર્ટીનું જીવન એક સરખું પવિત્ર ને સાત્ત્વિક હોવું જોઈએ. એક ભારતીય તરીકે આપણે શું કરવાનું તેનું અમને ભાન કરાવ્યું. અમારી આંખ ઉઘાડી, સાચે જ આજ સુધી અમને આવું માર્ગદર્શન કદી કોઈએ આપ્યું જ નહતું.

સાચે જ પૂ. માએ વિદેશની ધરતી ઉપર પધારી અમને ખૂબ ખૂબ પ્રેરક જીવનભાથું આપ્યું છે. અમારા જીવનમાં સમયસર પ્રવેશી, એને સ્વચ્છ બનાવવાનું કામ કર્યું છે. તેઓ અમારા વિષભર્યા જીવનમાં અમૃત ભરશે ને ધર્મનીતિના પંથે અમારાં સાચાં સારથિ બનીને દોરશે એવી શ્રદ્ધા છે.

વિષમય જીવન સુધા કરનાર, મા સુધેશ્વરી કરું પ્રણામ,
વજ્ર છતાંયે પુષ્પ સમાન, મા વ્રજેશ્વરી કરું પ્રણામ,
અજ્ઞાન તિમિરને હરનાર, મા જ્ઞાનેશ્વરી કરું પ્રણામ.
માયા ચક્રે પ્રબુદ્ધ કરનાર, મા બુદ્ધેશ્વરી કરું પ્રણામ,
પૂર્ણપંથને તું વરનાર, મા પૂર્ણેશ્વરી કરું પ્રણામ.



## આ મન, મારું!

'અંગમ્ ગલિતમ્, પલિતમ્ મુંડમ્'
પણ નવ મુંડમ્ આ મન મારું!
ચાલીસ-નવ વાયુના વેગે
ફરી વળતું સચરાચર સારું..... આ મન, મારું!

ક્ષણ ક્ષણ સણકે, પલ નવ અટકે,
વીજળી-વેગે જ્યાં ત્યાં ભટકે!
મલિન -વિમલ, શિવ-અશિવ શું અવસર!
કેમ કરી હરિ! સમતા ધારું?..... આ મન, મારું!
દેશથી પર એ, કાળથી વર એ,
કરતું સર સૌ, ક્યાં સંચરવું?
એક તણખ બસ, ભસમ કરે સબ,
વૈશ્વાનલથી એને બાળું?.... આ મન, મારું!
અભ્યાસે કળ? યોગ વિષે બળ?
વળ એનો ક્યમ ઉતરે, હરિવર?
કેવળ અનુગ્રહ: ભક્તિ સભર ઉર,
તવ ચરણે મર્કટને વાળું.... આ મન, મારું!

ચાલીસ-નવ વાયુના વેગે
ફરી વળતું સચરાચર સારું;
અંગમ્ ગલિતમ્, પલિતમ્ મુંડમ્,
પણ નવ મુંડમ્ આ મન મારું!.... આ મન, મારું!

રણજિત પટેલ (અનામી)

# રામકથા

યોગેશ્વરજી

( ગતાંકથી ચાલુ )

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

કેવી રીતે?

'રામની પત્ની સીતા વનમાં એની સાથે જ છે. એ અતિશય રૂપસુંદરી છે. એનું ગમે તેમ કરીને હરણ કરી લાવવાનો મેં નિર્ણય કર્યો છે. એનું હરણ કરી લાવવામાં આવે તો રામના શોકનો પાર ન રહે. એનું બળ ઘટી જાય. અને એવી રીતે હું નિર્ભય બની જઉં. સીતાને મારી પટરાણી બનાવીને હું સુખી બની શકું. એ ઉત્તમ કાર્યમાં તમારી સંપૂર્ણ સહાયતા મળી રહેશે એવી મને આશા છે.'

મારીચ શાંત રહ્યો એટલે રાવણે ઉત્સાહિત થઈને આગળ કહ્યું. 'તમારા બળમાં ને તમારી બુદ્ધિમાં મને વિશ્વાસ છે. તમારી પાસે ગમે તેવા કઠિન કામને પણ સરળતાથી કરવાની કળા છે. એ કળાનો ઉપયોગ કરીને સીતાના હરણમાં સહાયક થવાના મંગલમય કાર્યમાં તમે સફળ થશો એવી મને શ્રદ્ધા છે. એ કાર્ય માટે મારે તમારી સંમતિ જોઈએ છે.'

રાવણની વાત સાંભળીને મારીચનો ઉલ્લાસ ઉડી ગયો. એ પોતે ઊંડી ચિંતામાં ડૂબી ગયો. એ નિર્ભયતાથી બોલી ઉઠયો. 'સીતાના હરણનું કાર્ય મંગલ નહિ પરંતુ અમંગલ છે અને ઉત્તમ નહિ પરંતુ અધમ છે. એ કાર્યનો વિચાર કરવામાં પણ ભારે કમનસીબી રહેલી છે.'

'કારણ?' 'એનું કારણ તમે પંડિત છો એટલે સહેલાઈથી સમજી શકો તેમ છો. પારકી સ્ત્રીનું હરણ કરવાની અને એને પોતાની બનાવવાની ઈચ્છા રાખવી એના જેવો બીજો અધર્મ કોઈ જ નથી. એવી પાપમય પ્રવૃત્તિથી દૂર રહેવું જ બરાબર છે. તમારા જેવા બુદ્ધિશાળી રાજાએ એવો પાપવિચાર ના સેવવો જોઈએ. એવો વિચાર અને એને



અનુસરીને કરાયેલી પ્રવૃત્તિ તમારા તથા લંકાના સર્વનાશનું સાધન બની જાય તો નવાઈ નહિ. એવી વૃત્તિ અને પ્રવૃત્તિથી તમારે દૂર રહેવું જોઈએ. માટે મારાં વચનો તમને કડવાં લાગશે, પરંતુ શાંતિપૂર્વક વિચારશો તો સમજાશે કે તેમાં તમારું હિત સમાયેલું છે. કડવાં વચન કહેનાર પણ જો કોઈ આપણો મિત્ર હોય તો એનાં વચનો સ્નેહપૂર્વક સાંભળવા જોઈએ.

રાવણ જરા ઉશ્કેરાઈને બોલ્યો, 'એવી સલાહ તો હું પણ આપી શકું તેમ છું. હું અત્યારે સલાહ લેવા નથી આવ્યો, કામ કરાવવા આવ્યો છું.'

'પરંતુ એ કામ કોની સામે કરવાનું છે તેની ખબર છે? રામની સામે. અને રામની અસાધારણ શક્તિનો મને પરિચય છે. એ જ્યારે મુનિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરતા હતા ત્યારે એ યજ્ઞમાં ભંગ પાડવાનો મેં વિચાર કરેલો. એ વખતે એમણે બતાવેલા અદ્ભુત પરાક્રમને યાદ કરું છું ત્યારે મને આજે પણ રોમાંચ થઈ આવે છે. રામના સામર્થ્યની સરખામણી કોઈની સાથે પણ નથી કરી શકાય તેમ. બળ અને બુદ્ધિમાં એ સૌથી શ્રેષ્ઠ છે. એવા મહાપુરુષનો વિરોધ કરવાનું અને એમની સ્ત્રીનું હરણ કરવાનું કામ પોતાને હાથે પોતાની ઘોર ખોદવા બરાબર છે. એવા કુકર્મની સંમતિ મારાથી કેવી રીતે આપી શકાય?'

રાવણે કહ્યું, 'રામ બળવાન હશે તો પણ મારા બળની સાથે એમની તુલના તો થઈ શકે જ કેવી રીતે? બળ, બુદ્ધિ કે પરાક્રમમાં મારી બરાબરી કરી શકે એવું કોઈ જ નથી અને કોઈ થવાનું પણ નથી. તમે મારા આશ્રિત છો. પછી તમારે શાનો ભય છે?'

'મારો ભય સહેતુક છે. મેં રામના બાણનો સ્વાદ ચાખેલો છે. એટલે જ એ ભય પેદા થયો છે. હજુ થોડા દિવસ પહેલાં જ હું મારા બે મિત્ર રાક્ષસો સાથે દંડકારણ્યમાં ગયેલો. ત્યાં રામ, સીતા ને લક્ષ્મણ ત્રણે હતાં. મેં મૃગનું રૂપ ધારીને રામ પર આક્રમણ કરવાનો પ્રયાસ કર્યો તે વખતે રામે ત્રણ બાણ મારવાથી મારા બે મૃગ શરીરધારી રાક્ષસમિત્રો મરણ પામ્યા ને હું જેમતેમ કરીને જીવ બચાવીને ભાગી નીકળ્યો. એ

ઘટના પછી મેં મારું જીવન બદલી નાખ્યું છે, ને હું મોટે ભાગે તપશ્ચર્યામાં જ સમય પસાર કરું છું. મારા પહેલાંનાં કુકર્મોનું સ્મરણ કરીને એમને માટે પશ્ચાત્તાપ કરતાં, ફરીથી કોઈ કુકર્મ ના થાય તેનું ધ્યાન રાખતાં મારું જીવન શાંતિપૂર્વક વ્યતિત કરી રહ્યો છું. એટલે તમારા આવા કામમાં અને એ પણ અધમ કામમાં મારાથી સહકાર નહિ કરી શકાય. એને માટે હું લાચાર છું.'

રાવણ ક્રોધે ભરાઈને બોલ્યો. 'પરંતુ એ અસહકાર અથવા લાચારીનું પરિણામ શું હશે તે જાણો છો? એની કલ્પના કરી શકો છો? મારી સાથે સીતાના હરણમાં સહયોગ કરવાનો ઈન્કાર કરશો તો એના દંડરૂપે તમને મારી નાખીશ. મારી કોમળતા તથા કઠોરતાનો ને મારી કૃપા તથા અવકૃપાનો તમને પૂરતો પરિચય છે?'

મારીચને ખબર હતી કે રાવણ ક્રૂરમાં ક્રૂર કર્મ પણ કરી શકે એમ છે, એટલે રાવણના શબ્દો સાંભળીને એને ધ્રુજારી છૂટી. એના હોશકોશ ઉડી ગયા.

તો પણ એણે રાવણને સમજાવવાનો છેલ્લો પ્રયત્ન કરી જોયો. 'વિનાશકાળે બુદ્ધિ વિપરીત થાય છે એવું કહેવામાં આવ્યું છે તેની ખબર છે ને?' 'ખબર છે.' રાવણે ઉત્તર આપ્યો. 'અને એ પણ ખબર છે કે મારી બુદ્ધિ વિપરીત નથી.'

'આથી વધારે વિપરીત બુદ્ધિ બીજી કયી હોય શકે? તમારી આ બુદ્ધિમાં અને એમાંથી ઉત્પન્ન થયેલી યોજનામાં મને લંકાના વિનાશનાં બીજ દેખાય છે. માટે મારી પ્રાર્થના છે કે તમે જે બૂરે માર્ગે આગળ વધવાનું વિચારી રહ્યા છો તે માર્ગેથી પાછા વળો. એ માર્ગ તમારા તથા તમારી પ્રજાના મંગલનો નથી જ. તમે મને અત્યારે તમારી સાથે સહકાર ના કરવા માટે મરણ દંડની ધમકી આપો છો કે બીક બતાવો છો છતાં પણ મને તમારા શ્રેયની જ વાત કરવાનું ઉચિત લાગે છે,. કારણ કે તમારા શ્રેયમાં મારું શ્રેય પણ સમાયેલું છે.'

(ક્રમશઃ)

# હરિજનની નિંદા ન કરો

કોઈપણ હરિજનની નિંદા કરવી નહિ, કારણ કે ગોવિંદ તે સાંખી શકતા નથી. હરિ સગુણ અને સાકારરૂપ ધારણ કરીને પોતાના ભક્તોને અભયદાન દે છે. અને જેઓ દુષ્ટ અને ખલ સ્વભાવના હોય છે તેમનું તે દમન કરે છે. જે વખતે દુર્વાસાઋષિ ભક્ત અંબરિષને છળવા ગયા તે વખતે પ્રભુએ પોતાનું સુદર્શન ચક્ર દુર્વાસા પાછળ દોડાવ્યું અને તેમને ખૂબ સંતપ્ત કર્યાં. દ્રૌપદીના ઉપર થયેલો જુલમ જોઈને ભગવાનના મનને ઘણો ક્ષોભ થયો અને તેથી તેમણે પાંડવોનો પક્ષ લઈને, તેમને મદદ કરી અને તેમની મારફતે કૌરવોનો નાશ કરાવ્યો. પાંડવોનો વિરોધ કરનારા બભ્રુવાહનનાં કામ ભગવાનથી સંખાયાં નહિ. વળી પોતાના સગા ભાઈ બળરામ પાંડવોથી વિરુદ્ધ હતા, તો તેમને પણ ભગવાને પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની સલાહ આપી ને વેગળા રાખ્યા. તુકારામ કહે છે કે અશ્વસ્થામાએ રાત્રે પાંડવોની છાવણી ઉપર છાપો મારીને પાંડવોના પુત્રોને મારી નાંખ્યા. તેથી ભગવાને અશ્વસ્થામાનું માથુ હંમેશને માટે ગંધાતું કરી મેલ્યું.

શુદ્ધ આચાર વિચારને અનુસરીને ચાલવું એ જ સંતોનું વાસ્તવિક પૂજન કર્યા બરોબર છે. એવી સાચી પૂજા કરનારને પુષ્પચંદન આદિ પૂજાની સ્થૂલ સામગ્રીની કશી જ જરૂર હોતી નથી.

—સંત તુકારામ

# 'રાધા શબ્દનું રહસ્ય'

રાધા અને કૃષ્ણના નામે સંસારમાં કેટલીય વાતો વહેતી થઇ છે, પરંતુ એ બધી કથાઓનો મધ્યવર્તી વિચાર જો આપણે યાદ રાખીએ તો આપણે માટે એ શ્રેયસ્કર સાબિત થાય એમ છે.

રાધા જીવ છે ને કૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા શિવ છે. રાધાની પેઠે પ્રત્યેક જીવ શિવના ચિંતન-મનનમાં મશગુલ બનીને તથા પોતાનું જીવન શિવના ચરણે ધરી, જીવન કૃતાર્થ કરવા તૈયાર થવાનું છે. જીવનની કૃતાર્થતા એમાં જ સમાયેલી છે. રાધા પ્રેમની પ્રતિમા અથવા પવિત્ર પ્રબળ પ્રેમનું પ્રતીક છે. જીવ પણ એવો પવિત્ર પ્રબળ પ્રેમ પેદા કરે તો શિવની સાથેની એકતાનો અનુભવ કરી શકે ને શિવના સંપૂર્ણ અનુગ્રહનો આસ્વાદ પામે. એ સનાતન સંદેશ એમાંથી શીખવાનો છે. વળી જીવનની એ ધન્યતા અથવા પરમાત્મા સાથેની એકતાના અગત્યના સાધનનો સમાવેશ પણ રાધા શબ્દમાં કરવામાં આવ્યો છે. રાધા શબ્દને ઉલટાવીએ તો 'ધારા' થાય છે. ધારા એટલે ચિત્તની વૃત્તિઓની, ભાવો કે ઉર્મિઓની ધારા. સંસારના વિવિધ વિષયોમાં દિનરાત વહેતી એ ધારાને ઉલટાવી પરમાત્માના શ્રીચરણમાં જોડી દેવાની અથવા પરમાત્માના સ્વરૂપ તરફ વહેતી કરવાની છે. રાધાના ચિત્તની સમગ્રવૃત્તિ જેવી રીતે એકાગ્ર બનીને ભગવાન શ્રીકૃષ્ણમાં કેન્દ્રિત થઇ હતી તેમ. પરમાત્માના નામ ને રૂપમાં એવી રીતે ચિત્તવૃત્તિ કેન્દ્રિત થતાં, પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બની શકે છે.

–યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ –પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.